Thursday
15.02.2024
✳Volume :8 ✳ Issue No.204
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીની મંત્રીસ્તરીય બેઠકને સંબોધન કર્યું

"ભારત એક દાયકામાં ૧૧મા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનીને પાંચમા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે"

- રિડ્યુસ, રિયુઝ અને રિસાઇકલ' એ ભારતની પરંપરાગત જીવનશૈલીનો એક ભાગ છે
- "ભારત દરેક મિશનમાં વ્યાપ અને ઝડપ, જથ્થો અને ગુણવત્તા લાવે છે."

કમલમ્ ન્યુઝ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીની મંત્રીસ્તરીય બેઠકને સંબોધન કર્યું હતું. આ પ્રસંગને સંબોધતા પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય ઊર્જાએજન્સીને તેની સ્થાપનાની ૫૦મી વર્ષગાંઠ બદલ અભિનંદન પાઠવ્યા હતા તથા આ બેઠકની સહ-અધ્યક્ષતા કરવા બદલ આયર્લેન્ડ અને ફ્રાન્સ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. સતત વૃદ્ધિ માટે ઊર્જા સુરક્ષા અને સ્થાયીત્વની જરૂરિયાત પર ભાર મૂકીનેપ્રધાનમંત્રીએ એબાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, કેવી રીતે ભારતએક દાયકામાં ૧૧માક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે, જેણે તેને દુનિયાનું સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર બનાવ્યું છે. તેમણે આ જ સમયગાળા દરમિયાન ભારતની સૌર ઊર્જા ક્ષમતામાં નોંધાયેલા ૨૬ ગણા વિકાસનો ઉલ્લેખ પણ કર્યો હતો, ત્યારે દેશની પુનઃપ્રાપ્ય ઊર્જાની ક્ષમતાને બમણી કરવાનો પણ ઉલ્લેખકર્યો હતો. પીએમ મોદીએ ઉમેર્યું હતું કે, "અમે સમય રેખા કરતાંઆગળ આસંબંધમાંઅમારી પેરિસ કટિબદ્ધતાઓને વટાવી દીધી છે."ભારતની વૈશ્વિક વસતિનો ૧૭ ટકા હિસ્સો છે તેની નોંધ લઈને પ્રધાનમંત્રીએજણાવ્યું હતુંકે, જ્યારે ભારત વિશ્વની સૌથી મોટી ઊર્જા સુલભતાની પહેલોમાં સામેલ છે, ત્યારેતેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે,ભારતનું કાર્બન ઉત્સર્જન વૈશ્વિક સ્તરે કુલ ઉત્સર્જનનો માત્ર ૪ ટકા હિસ્સો ધરાવે છે. તેમણે સામૂહિક અને સક્રિય અભિગમ અપનાવીને આબોહવામાંપરિવર્તનનો સામનો કરવા દેશની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યુંહતું કે, 'ભારત આંતરરાષ્ટ્રીય સૌરગઠબંધન જેવીપહેલોનું નેતૃત્વ કરી ચૂક્યું છે. અમારું મિશન LiFEસામૂહિક અસર માટે ગ્રહ-તરફી જીવનશૈલીની પસંદગીઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. 'રિડ્યુસ, રિયુઝ અને રિસાઈકલ' ભારતની પરંપરાગત જીવનશૈલીનો એક ભાગ છે." ભારતનાં જી૨૦નાં રાષ્ટ્રપતિ પદ દરમિયાન ગ્લોબલ બાયોફ્યુઅલ્સ એલાયન્સની શરૂઆતનાં સંદર્ભમાં પ્રધાન મંત્રી મોદીએ આ પહેલને ટેકો આપવા બદલઆઈઈએનો આભાર માન્યો હતો. કોઈ પણ સંસ્થાની વિશ્વસનીયતા અને ક્ષમતાને વધારવા માટેસર્વસમાવેશકતાતરફ ધ્યાન દોરતા પ્રધાનમંત્રીએ ૧.૪ અબજ ભારતીય નાગરિકોનો ઉલ્લેખ કર્યો હતો, જે પ્રતિભા, ટેકનોલોજી અને નવીનતાને ટેબલ પર લાવી શકે છે. પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યુંકે, "અમે દરેક મિશનમાં સ્કેલ અને સ્પીડ, ક્વોન્ટિટી અને ક્વોલિટી લાવીએ છીએ.

"પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, ભારત મોટી ભૂમિકા ભજવશે તેનાથી આઈઈએને ઘણો ફાયદો થશે. સંબોધનના સમાપનમાં પ્રધાનમંત્રીએ આઈઈએની મંત્રીમંડળીય બેઠકની સફળતા માટે શુભેચ્છાપાઠવી હતીઅને વર્તમાન ભાગીદારીને મજબૂત કરવા અને નવી ભાગીદારીઓ ઊભી કરવા આ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. શ્રી મોદીએ અંતમાં જણાવ્યું હતું કે, "ચાલો આપણે સ્વચ્છ, હરિયાળા અને સમાવેશી વિશ્વનું નિર્માણ કરીએ."

ભાજપ દ્વારા ગુજરાતના રાજ્યસભાના ૪ ઉમેદવારોના નામની જાહેરાત

જે.પી. નડ્ડા, ગોવિંદભાઇ ધોળકિયા, મયંકભાઇ નાયક અને ડો. જશવંતસિંહ પરમારનું નામ જાહેર

કમલમ્ ન્યુઝગાંધીનગર

આખરે ભાજપ દ્વારા ગુજરાતના રાજ્યસભાના ઉમેદવારોના નામની જાહેરાત કરી દેવામાં આવી છે. ભાજપ દ્વારા ગુજરાતના ૪ ઉમેદવારોના નામની જાહેરાત કરાઈ છે. સંખ્યાબળના અભાવે કોંગ્રેસે ફોર્મ નહીં ભરવાની જાહેરાત કરી છે. આખરે ભાજપ દ્વારા સસ્પેન્સનો અંત લાવવામાં આવ્યો છે. રાજ્યસભાના ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવ્યા છે. ગુજરાતમાંથી ચાર ઉમેદવારના નામ જાહેર કરવામાં આવ્યાછે. ગુજરાતમાંથી ચાર ઉમેદવારના નામ જાહેર કરવામાં આવ્યાછે. ગુજરાતમાંથી જે.પી. નડ્ડા, ગોવિંદભાઈ ધોળકિયા, મયંકભાઈનાયક અને ડો. જશવંતસિંહ પરમારનું નામ જાહેર કરવામાંઆવ્યુ છે.આ વખતે મનસુખ માંડવિયા અને પરસોતમ રૂપાલાને રાજ્યસભામાં રિપીટ કરવામાં આવ્યા નથી. તેમની ૨ ટર્મ થઈ ગઈ હોવાથી તેમને રાજ્યસભામાં ન મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે,ત્યારે ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્યસભામાં આ ઉમેદવાર પ્રતિનિધિત્વ આપવામાં આવ્યુ છે. રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત ૮ ફેબ્રુઆરી ૨૦૨૪થી એટલે કે આજથી થશે અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી ઉમેદવારી નોંધાવી શકાશે ત્યારે ૧૬ફેબ્રુઆરીએ ફોર્મ વેરિફાઈ કરવામાં આવશે. ત્યારબાદ ૨૦ ફેબ્રુઆરી સુધી ઉમેદવાર પોતાનું ફોર્મ પરત ખેંચી શકશે. તે પછી ૨૭ ફેબ્રુઆરીએ મતદાન પ્રક્રિયાસવારે ૯ વાગ્યાથી શરૂ થઈને સાંજે ૪ વાગ્યા સુધી ચાલશે. ત્યારબાદ સાંજે ૫ વાગ્યે મત ગણતરી કરવામાં આવશે.

કેન્દ્રીય રમત મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે ચેસ ઓલિમ્પિયાડ ટોર્ચ બુડાપેસ્ટને સોંપી

ચેસ વ્યૂહાત્મક ઊંડાણ અને દાર્શનિક શાણપણનું પ્રતિબિંબ છેઃ શ્રી અનુરાગસિંહ ઠાકુર

કમલમ્ ન્યુઝ

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે આજે નવી દિલ્હીમાં ચેસ ઓલિમ્પિયાડની ૪૫મી આવૃત્તિના સત્તાવાર યજમાન બુડાપેસ્ટ, હંગેરીને ચેસ ઓલિમ્પિયાડની મશાલ સોંપી હતી. હેન્ડઓફ સમારંભ મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમખાતે યોજાયોહતો, જ્યાં મંત્રીએ ભારતીય ગ્રાન્ડ માસ્ટર વિશ્વનાથન આનંદ સાથે ફિડેના પ્રમુખ, આર્કાડી દ્વોર્કોવિચ અને હંગેરિયન ગ્રાન્ડ માસ્ટર જુડિત પોલ્ગાર સામે ચેસની મૈત્રીપૂર્ણ રમત પણ રમી હતીઅને ત્યારબાદ ફિડેના પ્રમુખ અને બુડાપેસ્ટને ઓલિમ્પિયાડ મશાલ સોંપી હતી. આ કાર્યક્રમ દરમિયાન, મંત્રીએ જણાવ્યું હતું કે "મને આનંદ છે કે અમે થોડા વર્ષો પહેલા (ચેસ ઓલિમ્પિયાડટોર્ચરિલે રાખવાનો) જે નિર્ણય લીધો હતો તે ખરેખર બન્યું અને હું અહીં ચેસ ઓલિમ્પિયાડ માટે ટોર્ચના હેન્ડઓફ સમારોહમાં છું." તેમણે ઉમેર્યું હતું કે, "ચેસ એક બૌદ્ધિક વારસો છે જે ભારત સંભવતઃ વિશ્વને આપે છે,અને તે માત્ર એક રમતનથી, પરંતુ વ્યૂહાત્મક ઊંડાણ અને દાર્શનિક શાણપણનું પ્રતિબિંબ છે. આ ભવ્ય રમત માત્રમનને જ તીક્ષ્ણ નથી બનાવતી, પરંતુ ધૈર્ય અને સ્થિતિસ્થાપકતાના અમૂલ્ય પાઠો પણ શીખવે છે અને વ્યક્તિને વ્યૂહાત્મક નિપુણતાના બૌદ્ધિક અનુસંધાનના માર્ગ પર લઈ જાય છે." ચેસ ઓલિમ્પિયાડની ૪૪મી આવૃત્તિ વર્ષ ૨૦૨૨માં ચેન્નાઈમાં યોજાઈ હતી. તે સમયે ૨૫૦૦થી વધુખેલાડીઓ અને ૭૦૦૦થી વધુ ખેલાડીઓએ વૈશ્વિક ઈવેન્ટમાં ભાગ લીધો હતો. FIDE ચેસ ઓલિમ્પિયાડની આગામી આવૃત્તિ હવે આ વર્ષે બુડાપેસ્ટ, હંગેરીમાં યોજાશે જેની સત્તાવાર જાહેરાત આ વર્ષની શરૂઆતમાં કરવામાં આવી હતી. ૧૯મી જૂન ૨૦૨૨ના રોજ દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા એક સમારોહમાં ૧લી ચેસ ઓલિમ્પિયાડ ટોર્ચ રિલેની શરૂઆત કરવામાંઆવી હતી.

વાવાઝોડા કે આપત્તિના સમય નાગરિકોને સહાયરૂપ થવા રાજ્યના ૧૦ જિલ્લામાં ૭૬ આશ્રયસ્થાન કાર્યરત

કમલમ્ ન્યુઝ

વિધાનસભા ખાતે આપત્તિ વ્યવસ્થાપનનો હવાલો ધરાવતા મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું છે કે, કુદરતી આપદા, વાવાઝોડા કે અન્ય આકસ્મિક સંજોગોમાં નાગરિકોને સહાયરૂપ થવાતેમજ આશ્રય મળીરહે તેમાટે રાજ્યના ૧૦ જિલ્લામાં ૭૬ આશ્રયસ્થાનો કાર્યરત છે. આજે વિધાનસભા ખાતે ગીર સોમનાથ જિલ્લામાંઆશ્રયસ્થાનના અંગેના પ્રશ્નનાપ્રત્યુત્તરમાં મંત્રીશ્રી ઉમેર્યું કે, ગીરસોમનાથ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ૨૯આશ્રયસ્થાનો કાર્યરત છે જેમાં ૫૫૦ લોકો રહી શકે એવી વ્યવસ્થાઓ છે. વાવાઝોડા કે કુદરતી આપદા સમય આ આશ્રયસ્થાનોમાંલોકોને સલામતી મળે તે માટે રહેવાની વ્યવસ્થા, ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.આ આશ્રય સ્થાનો ભૂકંપ પ્રૂફ ડિઝાઈન ધરાવતા તૈયાર કરવામાં આવ્યા છે આવા આશ્રય સ્થાનોમાં નિર્માણ માટે વિશ્વ બેંક, ભારતસરકાર અનેરાજ્ય સરકાર દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે, તાજેતરમાં બિપરજોય વાવાઝોડા સંદર્ભે આશ્રય સ્થાનોમાં અનેક નાગરિકોને આશરોઆપીને પૂરતી વ્યવસ્થાઓ કરાઈ હતી. જેના પરિણામે કોઈ જાનહાનિ થઈ નથી એટલે જ નહીં વૈશ્વિક મહામારી કોરોના સમય પણ આ આશ્રય સ્થાનોમાં સારવારની સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી તેમ, તેમણે ઉમેર્યું હતું.

ખાણ-ખનિજપ્રવૃતિમાં ગેર કાયદેસર ઉપયોગમાં લેવાયેલા નકલી ઓર્ડરથી છોડાયેલા વાહનો તેમજગુન્હો કરનાર તમામની ધરપકડકરાઈ છે : ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

આવી ઘટના પુનઃ ન બને તે માટે આ નકલી ઓર્ડર બનાવવાની મોડસ ઓપરેન્ડીની તમામ વિભાગને સામેથી જાણ કરાઈ

કમલમ્ ન્યુઝ

ખાણ અને ખનીજ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષોમાં રાજકોટ જિલ્લામાંગેરકાયદેસર પકડાયેલા ટ્રકને પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા. જેને અસલી ટ્રક માલિકો દ્વારા ભૂસ્તરશાસ્ત્રીના નકલી હુકમોરજૂ કરીને ખોટી રીતે છોડાવી ગયેલા તમામટ્રકને પોલીસે પરતજપ્ત કર્યાછે. આનવી મોડસ ઓપરેન્ડી સાથે જોડાયેલા ૧૨ જેટલાઈસમોની પણ ધરપકડ કરીને કાનૂની કાર્યવાહી હાથ ધરીછે, તેમ ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી દ્વારાપૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા જણાવ્યું હતું. ગૃહ રાજ્ય મંત્રી શ્રી સંઘવીએ વધુ વિગતો આપતા કહ્યું હતુંકે, છેવાડાના માનવીના કલ્યાણ માટે રાજ્ય સરકાર કોઈપણ યોજના અમલ બનાવતી હોય છે. રાજકોટ જિલ્લામાં બનેલી આ ઘટના એક નવીન મોડસ ઓપરેન્ડી હતી. ગ્રાફિક્સ ડિઝાઈનની મદદથી આ ઈસમો દ્વારા નકલી હુકમો બનાવ્યા હતા. આ ઘટના-ગેરરીતીને વહીવટી તંત્રએ સામેથી તપાસ કરીને પકડી છે. આ ઘટના બાદ આવી કોઈ પણ ગેરરીતી કે નકલી હુકમોની ઘટના ના બને તે માટે સાવચેતીના ભાગરૂપે તમામ વિભાગોને સામેથી જાણ કરી છે. આપ્રકારની કોઈપણ ઘટના બનશે તો કોઈને પણ છોડવામાંનહીં આવે અને કડકસજા કરવામાંઆવશેતેમ મંત્રીશ્રીએ ગૃહમાં પેટાપ્રશ્નનો ઉત્તર આપતાઉમેર્યું હતું.

અમદાવાદ શહેરમાં બંધ કેમેરાની મરામત માટે રાજ્ય સરકારે સ્પેશિયલ ફંડ ફાળવ્યું : ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

- અમદાવાદ શહેરમાં સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ૧૭૦૫ કેમેરા ઉપરાંત ગૃહ વિભાગના અનેક કેમેરાની બાજ નજર
- ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં મળી કુલ ૨૦.૯૧ લાખ ઇ-મેમો ઇસ્યુ કરાયા
- ઇસ્યુ કરેલા ઇ-મેમોથી વર્ષ ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૩માં મળી કુલ રૂ. ૨૯.૦૪ કરોડથી વધુ રકમનો દંડ કરાયો

કમલમ્ ન્યુઝ

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહ ખાતે પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે, ટ્રાફિક નિયમન માટે અમદાવાદ શહેરમાં સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ૧૭૦૫ કેમેરા ઉપરાંત ગૃહ વિભાગ દ્વારા પણ અનેક કેમેરાઓ બાજ નજર રાખી રહ્યા છે. જેના પરિણામે રાજ્યમાં અનેક ગુનાના ડીટેક્શન અને પ્રિવેન્શનમાં મદદ મળે છે. મંત્રી શ્રી સંઘવીએ ઉમેર્યુંકે, શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત કેટલાક કેમેરાને મરામતની જરૂર છે. આ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા સ્પેશિયલ ફંડ ફાળવી આ કેમેરાની મરામત કરી પુનઃ કાર્યરત કરવામાંઆવશે મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૨ દરમિયાન ૧૭.૪૩ લાખ તેમજ વર્ષ ૨૦૨૩ દરમિયાન ૩.૪૮ લાખઈ-મેમો ઈસ્યુ કરવામાં આવ્યા છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા ઈસ્યુ કરેલા ઈ-મેમોથી વર્ષ ૨૦૨૨માં રૂ. ૨૫.૫૧ કરોડથી વધુ તેમજ વર્ષ ૨૦૨૩માં રૂ. ૩.૫૩ કરોડથી વધુ રકમનો દંડ કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર ઉપરાંત અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૨ દરમિયાન ૨,૧૩૩ તેમજ વર્ષ ૨૦૨૩ દરમિયાન ૧૩,૨૯૩ ઈ-મેમોઈસ્યુ કરવામાં આવ્યા છે. જે અન્વયે વર્ષ ૨૦૨૨માં રૂ. ૪.૫૮ લાખથી વધુ તેમજ વર્ષ ૨૦૨૩માં રૂ. ૩૧.૩૩ લાખથી વધુ રકમનો દંડ કરવામાં આવ્યો છે, તેમ મંત્રી શ્રી સંઘવીએ ઉમેર્યું હતું.

રાજ્યના ખેલપ્રેમી વિદ્યાર્થીઓ માટે 'ઈન સ્કૂલ' ખૂબ જ મહત્વપૂર્ણ યોજના: રમત-ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

ખેલપ્રેમી વિદ્યાર્થીઓને શાળા સમય દરમિયાન ફિઝિકલ એજ્યુકેશનના તાસ અને શાળા સમય બાદ ખેલાડીઓને ટ્રેનર્સ દ્વારા ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે

છેલ્લા બે વર્ષમાં દાહોદની ઈન સ્કૂલમાં ૪૭૩૯ બાળકોને રાજ્ય સરકાર દ્વારા મળી ભણતર સાથે વિવિધ રમતોની તાલીમ

કમલમ્ ન્યુઝ

'ઈન સ્કૂલ' શાળાઓમાં રાજ્યસરકાર દ્વારાઅપાતી સુવિધા સંદર્ભે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, રાજ્યના ખેલપ્રેમી વિદ્યાર્થીઓ માટે 'ઈન સ્કૂલ' યોજના ખૂબ જ મહત્વપૂર્ણ યોજના છે. જેમાં શિક્ષણની સાથે સાથે રમતગમતની તાલીમ પૂરી પાડવામાં આવે છે. 'ઈન સ્કૂલ' શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા ફાળવેલા રમતના સાધનો અને મેદાનો માટે કેપિટલ ખર્ચ કરવામાં આવે છે. આ યોજનામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા નિયુક્ત કરવામાં આવેલા વિવિધ આઉટસોર્સિંગ એજન્સીઓ દ્વારા પસંદ થયેલી શાળાઓમાં વિવિધ રમતના ટ્રેનર્સપૂરા પાડવામાં આવે છે. એટલું જ નહિ, શાળા સમય દરમિયાનફિઝિકલ એજ્યુકેશનના તાસ અને શાળા સમય બાદ ખેલાડીઓને ટ્રેનર્સ દ્વારા ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે. ગુજરાતમાં રમત-ગમત ક્ષેત્રે દાહોદ જિલ્લાનું યોગદાન સૌથી વધુઅને મહત્વપૂર્ણ છે. આદિવાસી વિસ્તાર દાહોદના ગરીબ અને સામાન્ય પરિવારના બાળકોમાં રહેલી ખેલ ક્ષમતાને વધુ ઉજાગર કરવા તેમજ તેમને ભણતર સાથે રમત-ગમતની સંપૂર્ણ તાલીમ પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા દાહોદમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું 'હાઈ પરફોર્મન્સ સેન્ટર' બનાવવામાં આવ્યું છે. તા.૩૧મી ડીસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આવેલી 'ઈન સ્કૂલ' શાળાઓમાં તાલીમ લેતા ખેલાડીઓ સંદર્ભે પૂછાયેલા પૂરક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા મંત્રીશ્રીએ કહ્યું કે, દાહોદ જિલ્લામાં આવેલી 'ઈન સ્કૂલ' શાળાઓમાં છેલ્લા બે વર્ષમાં ૪૭૩૯ ખેલાડીઓએ તાલીમ લીધીછે. ગુજરાત સ્પોર્ટ્સક્ષેત્રે ખૂબ તેજ ગતિથી આગળ વધી રહ્યું છે. રમતગમત ક્ષેત્રે આદિવાસી બાળકોમાં રહેલી ક્ષમતાને બહાર લાવવા આગામી સમયમાં રાજ્ય સરકાર તાલુકા કક્ષાએ પણ ઉત્તમ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા પ્રતિબદ્ધ છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ દુબઈમાં મહામહિમ શેખ મોહમ્મદ બિન રશીદ અલ મક્તૂમ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, સંરક્ષણ મંત્રીઅને દુબઈના શાસકને મળ્યા હતા. બંને નેતાઓએવેપાર, રોકાણ, ટેક્નોલૉજી, અવકાશ, શિક્ષણ અને લોકો વચ્ચેના સંબંધો સહિત દ્વિપક્ષીય સહયોગના વિવિધ ક્ષેત્રોપર ચર્ચા કરી હતી. તેઓએ ભારત અને UAEવચ્ચે ઝડપથી વધી રહેલા આર્થિક અને વ્યાપારી સંબંધો પર તેમનો સંતોષ વ્યક્ત કર્યો અને ખાસ કરીને વ્યાપક આર્થિક ભાગીદારી કરાર દ્વારા ભજવવામાં આવતી મુખ્ય ભૂમિકાને સ્વીકારી. તેઓએ દ્વિપક્ષીય રોકાણ સંધિપર હસ્તાક્ષરનું પણ સ્વાગત કર્યું. પ્રધાનમંત્રીએ દુબઈમાં રહેતા ભારતીય સમુદાય પ્રત્યેના અનુગ્રહ બદલ પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મક્તૂમનો આભાર માન્યો હતો. બંને નેતાઓએ દુબઈના વેપાર, સેવાઓ અને પર્યટન માટે વૈશ્વિક હબ તરીકે વિકાસમાં ભારતીય ડાયસ્પોરાના યોગદાનને સ્વીકાર્યું. પ્રધાનમંત્રીએ દુબઈમાં ભારતીય સમુદાયની હોસ્પિટલ માટે જમીન આપવા બદલ પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન રશીદની ઊંડીપ્રશંસા વ્યક્તકરી હતી જે ભારતીય બ્લુ-કોલર કામદારો માટે સસ્તું આરોગ્ય સંભાળ સુવિધાઓ પ્રદાન કરશે. પ્રધાનમંત્રીએ મંત્રી શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મક્તૂમને તેમની વહેલીતકે ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું.

મુંબઈ એરપોર્ટ પર એર સ્પેસ કન્જેશનને હેન્ડલ કરવા માટે ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં

AAIએ એરપોર્ટ ઓપરેટરને એચઆઈઆરઓ સમયગાળા દરમિયાન એર ટ્રાફિકની અવરજવરને ૪૬થી ૪૪ પ્રતિ કલાક અને નોન-એચઆઈઆરઓ સમયગાળા દરમિયાન ૪૪થી ૪૨ સુધી મર્યાદિત કરવા માટે નિર્દેશો જારી કર્યા હતા.

કમલમ્ ન્યુઝ

રોગચાળા પછી મુસાફરી પરના નિયંત્રણોમાં વધારો થવાની સાથે, હવાઈ મથકો પર હવાઈ ટ્રાફિક અને હવાઈ જગ્યાની ભીડમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. મુંબઈ એરપોર્ટ, જે દેશના સૌથીવ્યસ્ત એરપોર્ટ્સમાંનુંએક છે, તેના રનવેપર ભીડઅને વધારાની ક્ષમતાથી પીડાય છે, જે અજાણતાં જ એર સ્પેસભીડ તરફ દોરી જાય છે,જેના દ્વારાફ્લાઈટ્સને લગભગ ૪૦-૬૦ મિનિટના લાંબા સમયગાળા માટે શહેર પર ફરવાનીફરજ પડે છે.એક વિમાન દર કલાકે સરેરાશ ૨૦૦૦ કિલો બળતણનોવપરાશ કરે છે, આટલે લાંબા ગાળાનો ચક્કર લગાવવાનો સમય, ૧.૭ કિલોલિટર જેટ ફ્યુઅલ(આશરે રૂ. ૧.૮ લાખ)થી હવામાં ચક્કર મારવાના ૪૦ મિનિટનાસમય માટેઆશરે ૨.૫ કિલોલિટર જેટ ઈંધણ (આશરે રૂ. ૨.૬ લાખ)ના ઈંધણનો નોંધપાત્ર બગાડ કરે છે. તે સમજવું જોઈએ કે, બળતણ ખર્ચમાં આ પ્રકારનો વધારો આખરે ગ્રાહકો દ્વારા સહન કરવામાં આવશે. તેનાથી એરપોર્ટની કામગીરીની કાર્યક્ષમતા પર પણ કાસ્કેડિંગઅસર પડેછે, જે

લાંબા સમય સુધી રાહ જોવાનો સમય, અતિશય વિલંબ તરફ દોરી જાય છે, જે મુસાફરો અને એરલાઈન્સ બંનેને પ્રતિકૂળ અસર કરે છે. આવી હવાઈ અવકાશ ભીડના નિવારણ માટે, એરપોર્ટ ઓથોરિટીઓફ ઈન્ડિયાદ્વારા એક વિશ્લેષણ હાથ ધરવામાંઆવ્યું હતું, જેમાં જાણવા મળ્યું હતું કે હાઈ ઈન્ટેન્સિટી રનવે ઓપરેશન્સ (HIRO એટલે કે ૦૮૦૦ કલાકથી ૧૧૦૦કલાક સુધી અને ૧૭૦૦ થી ૧૭૦૦ સુધી)ના ૬ કલાકદરમિયાન પ્રતિકલાક હવાઈ ટ્રાફિકને મંજૂરી આપવામાં આવી હતી. ૨૦૦૦ કલાક) દિવસના બાકીના ૧૮ કલાક દરમિયાન પ્રતિ કલાકની પરવાનગી આપવામાં આવેલ હવાઈ ટ્રાફિકની લગભગ સમકક્ષ હતી. ઉપરોક્ત સ્લોટ ઉપરાંત, જનરલ એવિએશન અને મિલિટરીએરક્રાફ્ટ ઓપરેશન્સને પણ કોઈપણ પ્રતિબંધવિના મંજૂરી આપવામાંઆવીહતી. આ ઉપરાંત, ટ્રાંસવર્સરનવેનીહાજરીને કારણે, બિન શિડ્યુલ ફ્લાઈટ્સનું સંચાલન પીક અવર્સ દરમિયાન હવાઈ ટ્રાફિકની ભીડમાંવધુ વધારોકરે છે. જ્યારે મુંબઈ એરપોર્ટ તેની સંપૂર્ણ ક્ષમતા સાથે ચાલી રહ્યું છે, ત્યારે એવું જાણવા મળ્યું હતું કે (૧) એરપોર્ટ ઓપરેટર વતી મર્યાદિત સમયના માર્જિન સાથે વધુ પડતા સ્લોટ વિતરણ, (૨) એરલાઈન્સ વતી સ્લોટનું પાલન ન કરવું, અને (૩)પીક અવર્સદરમિયાન બિન-નિર્ધારિત કામગીરીને કારણે સતત ભીડથઈ હતી. એરપોર્ટ ઓપરેટર સ્લોટ પ્રદાતાહોવાને કારણે તેમજ એરલાઈન્સને સ્લોટનામેનેજર આ સમસ્યાના નિરાકરણ માટે એર ટ્રાફિકની હિલચાલને સુવ્યવસ્થિત અને નિયંત્રિત કરવા સક્રિય પણે પગલાં લેવા જોઈતા હતા. જો કે, તેમના દ્વારા આવી કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી ન હોવાથી, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે પગલું ભરવુંપડ્યું છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, એર નેવિગેશન સર્વિસ પ્રોવાઈડર હોવાને કારણે,

HIRO સમયગાળા દરમિયાન સામાન્ય ઉડ્ડયન વિમાનની કામગીરી પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે

એરપોર્ટ ઓપરેટરને નોટિસ ટુ એર મેન(નોટમ)ના રૂપમાંનિર્દેશોજારી કર્યા હતા. ૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ, જેણે HIRO (એટલે કે ૦૮૦૦ કલાકથી - ૧૧૦૦ કલાક સુધી, ૧૭૦૦ - ૨૦૦૦કલાક અને ૨૧૧૫ કલાક -૨૩૧૫ કલાક) દરમિયાન ૪૬ થી ૪૪ કલાક સુધી અને બિન-HIRO સમયગાળાદરમિયાન એર ટ્રાફિક હિલચાલ (ATM)પર પ્રતિબંધ મૂક્યો હતો ૪૪ થી ૪૨ સમયગાળા સુધી. HIRO સમયગાળા દરમિયાન વધુ સામાન્ય ઉડ્ડયન એરક્રાફ્ટ કામગીરીને પણ પ્રતિબંધિત કરવામાં આવી છે. એવી અપેક્ષા રાખવામાંઆવે છે કે MIAL એ સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ કે તમામ એર લાઈન્સ નિર્ધારિત પ્રતિબંધો સાથે બોર્ડમાં છે. આ કાર્યવાહી એરસ્પેસ સલામતી, કામગીરીની કાર્યક્ષમતા અને મુસાફરોના સંતોષના પરિપ્રેક્ષ્ય માંવ્યાપક જાહેર હિતમાં કરવામાં આવી છે. ભારત સરકારને એ વાતનો અહેસાસ છે કે મુંબઈ એરપોર્ટથી ઉડાન ભરતી વખતે મુસાફરોને એક પરિપૂર્ણ અનુભવ મળી રહે તે સુનિશ્ચિત કરવાની સાથે એરપોર્ટ ઓપરેટરો અને એરલાઈન્સ બંનેની જરૂરિયાતો વચ્ચે સંતુલન જાળવવા માટે તેણે પગલું ભરવાનીજરૂર છે.

ડીસા ખાતે શક્તિ વંદના કાર્યક્રમ સાર્થક બંગલોઝ ખાતે યોજાયો

કમલમ્ ન્યુઝઆનંદ ઠક્કર

ડીસા ખાતે સાર્થક બંગલોઝ માંરહેતા જિલ્લા બીજેપી ઉપપ્રમુખ પૂજાબેન કલ્પેશભાઈ ઠક્કર ને ત્યાં શક્તિવંદના કાર્યક્રમ યોજાયો જેમાં જિલ્લા ની મહીલા મોરચાના ટીમ તેમજ ડીસા શહેર તાલુકા નું પ્રતિનિધિકરતી બહેનોઆવી હતી આકાર્યક્રમ માં ખાસ કરીને સખી મંડળ તેમજ એનજીઓ ચલાવતી બહેનો ઉપસ્થિત રહી હતી તેમનું જિલ્લા નીટીમ દ્વારાસન્માન કરવા માં આવ્યું હતું

પૂજાબેન ના નિવાસસ્થાને જિલ્લા મહીલા મોરચા પ્રમુખ ભીખી બેન વોરા કોકિલાબેન પ્રજાપતિ કલાવતીબેન રાઠોડ પ્રભારી સંગઠન મંત્રી દક્ષાબેન જોશી ઉપપ્રમુખ ટીનાબેન રાઠોડ મંત્રી વર્ષાબેન પટેલ શહેર પ્રમુખ સંગીતા બહેન શહેર પ્રમુખ નયનાબેન પરમાર એપીએમસી ડિરેક્ટર ગીતાબેન માળી મહીલા મોરચાંમંત્રી રંજનબેન ખત્રી હાજર રહ્યા હતાભીખીબેન વોરા જિલ્લા પ્રમુખ દ્વારા મોદી સાહેબ ની ૪૦૦ થી વધુ સીટ પર જીતાડવા તેમજ સરકારી યોજના નો લાભ લેવા જણાવ્યુંહતું પૂજાબેન દ્વારા બહેનો નુંસ્વાગત પુષ્પગુચ્છ અને સાલ સાલ થી કરવા માં આવ્યું હતું તમામ બહેનો માટે ચા અલ્પાહાર ની વ્યવસ્થા પૂજાબેન કલ્પેશભાઈ તરફ થી કરવામાં આવીહતી પૂજાબહેને દરેક નું સ્વાગત તેમજ આભાર વિધિ કરી હતી.

પીસી એન્ડ પીએનડીટી એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન ધરાવતા ડોકટરોનો વર્કશોપ યોજાયો

કમલમ્ ન્યુઝઈક્બાલ મેમણ

સાબરકાંઠા જીલ્લા આરોગ્ય વિભાગના ઉપક્રમેજી.એમ.ઈ.આર.એસ., હિંમતનગર ખાતે સાબરકાંઠા જીલ્લામાં પીસી એન્ડ પીએનડીટી એકટ ના વિસ્તૃત જાણકારી તથા અમલવારી અર્થે ગવર્મેન્ટ તથા પ્રાઈવેટ પીસી એન્ડ પીએનડીટી એકટ હેઠળ રજીસ્ટ્રેશન ધરાવતા ડોકટરોનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં પીસી એન્ડ પીએનડીટી એકટ અંગેની વિસ્તૃત જાણકારીએપ્રો.ઓથો.અને મુખ્ય જીલ્લાઆરોગ્ય અધિકારી ડો.રાજ સુતરીયા ધ્વારા આપવામાં આવી હતી. પીસી એન્ડપીએનડીટી એકટ અંતર્ગત વર્કશોપમાં IMA સાબરકાંઠા પ્રમુખડો.શૈલેષ પટેલ, FOGSI સાબરકાંઠાપ્રમુખ ડો. સરફરાઝ કાઝી સહિત જીલ્લાના પીસીએન્ડ પીએનડીટીએકટ હેઠળ નોંધાયેલ ૧૩૪ ડોકટરો ઉપસ્થિત રહયા હતા. તેઓને પીસી એન્ડ પીએનડીટી એકટનુ અમલીકરણ કરતા તેમજ મહત્વની સુચનાઓ આપવામાં આવી હતી. તથા પીસી એન્ડ પીએનડીટી એકટ હેઠળ

સગર્ભાઓના ફોર્મ-એફ (સંમતી) ફરજીયાત ભરવા જણાવવામાં આવ્યુ. તથા ફોર્મ-એફમાં કોઈપણ પ્રકારની ક્ષતિ કે ભુલો સર્ચ અને સીઝરની કાર્યવાહી દરમ્યાન જોવા મળેતો તેકલીયરીકલ ભુલ ન ગણી કાયદેસર કાર્યવાહી થઈ શકે. આ બાબત ખુબજ ગંભીરતાથી લેવા માટે જણાવવામાં આવ્યુ અને આ બાબતની જાણકારી આપવામાં આવી. બેટી વધાવો-બેટી પઢાવો અંતર્ગત જીલ્લાનો સેકસ રેસીયો ઉચો લાવવા માટે એકટનુ પાલન કરવા કડક સુચના આપવામાં આવી. આ વર્કશોપમાંઉપસ્થિત તબીબોને કાયદાના પાલન સબંધિત પ્રશ્નો અંગેએપ્રો.ઓથો અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી માર્ગદર્શન પુરુ પાડયુ હતુ. બેટી બચાવો – બેટી પઢાવો અંતર્ગત હૃદય સ્પર્શી નાટકનીરજૂઆતકરવામાં આવી. જેને ઉપસ્થિત તમામ ડોક્ટરશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓએ આવકારેલ.

જી.ટી.યુ.અને સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ દ્વારા બાયોમેડિકલ સંશોધન માટે MOU થયા

કમલમ્ ન્યુઝ

બાયોમેડિકલમાં ઉંડા સંશોધન અને પ્રગતિ માટે ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી અને સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (SMIMER)વચ્ચે તાજેતરમાં એક 'મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. બે પ્રતિષ્ઠિત સંસ્થાઓ વચ્ચે સાધવામાં આવેલ આ સહયોગનો મુખ્ય ઉદ્દેશ

બાયોમેડિકલ સંશોધનને મજબૂત કરવાનો અને બાયોમેડિકલ ક્ષેત્રના વિકાસમાં યોગદાન આપવાનો છે.આ પ્રસંગે ઉપસ્થિત જી.ટી.યુ.ના કુલસચિવ રજીસ્ટ્રારડો કે.એન. ખેરે આ સહયોગ અંગે આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે,"આ ભાગીદારી બંને સંસ્થાઓ માટે મહત્ત્વનીક્ષણ છે.

જી.ટી.યુ. અને એસ.એમ.આઈ.એમ.ઈ.આર.ની કુશળતા અને સંસાધનોને સુયોજિત ભાગીદારીથી ઉપયોગ કરીને સામાજિક સ્વાસ્થ્ય અને આરોગ્ય સેવાના ક્ષેત્રમાં ઉપસ્થિત થતાં પ્રશ્નોનું સમાધાન શોધવુંએ આ કરારનું મુખ્ય લક્ષ રહેશે. "એસ.એમ.આઈ. એમઈ.આર. ના ડીન ડો. દીપક હોવલેએ આરોગ્ય સંભાળ અને વૈજ્ઞાનિક પ્રગતિપર પડનારી સંભવિત અસર પર ભાર મૂકતા કહ્યું હતુ કે,"શૈક્ષણિક સંસ્થાઓ અને સંશોધન કેન્દ્રો વચ્ચેની ભાગીદારી પ્રગતિ માટે જરૂરી છે. આ એમ.ઓ.યુ.થી સંયુક્ત સંશોધન, કાર્યક્રમો, તજજ્ઞો અને જ્ઞાનના આદાન-પ્રદાનનો માર્ગમોકળો થશે જે ફક્ત અમારી સંસ્થાઓને જ નહીં, પરંતુ વ્યાપક વૈજ્ઞાનિક સમુદાયને પણ લાભ કરશે." બે પ્રતિષ્ઠિત સંસ્થાઓ વચ્ચે થયેલ સકારાત્મક ભાગીદારીથી બાયોમેડિકલ સંશોધનને સરળ બનાવવામાં, અદ્યતન તકનીકોના વિકાસને પ્રોત્સાહન આપવામાંઅને વિદ્યાર્થીઓ તથા સંશોધકો માટે આ એમ.ઓ.યુ.એક સુંદર પ્લેટફોર્મ બનશેએવી અપેક્ષાશૈક્ષણિક અને વૈજ્ઞાનિક વર્તુળોમાંસેવાઈ રહી છે. બંને સંસ્થાઓને એવોપણ વિશ્વાસ છે કે આ સહયોગ બાયો મેડિકલ રિસર્ચના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે.

શૌર્ય ચક્ર વિજેતા ભારતીય સેનામાં નાયબ સુબેદારશ્રી સંજયકુમાર બારીયાને પંચમહાલ જિલ્લા કલેક્ટરશ્રી આશિષ કુમારે મળીને અભિનંદન પાઠવ્યા

ગુજરાત અને પંચમહાલ જિલ્લાનું ગૌરવ, પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ખોજલવાસાના રહેવાસી અને ભારતીય સેનામાં નાયબ સુબેદારશ્રી સંજયકુમાર શોર્ય ચક્રથી સન્માનિત

નાબય સુબેદાર સંજયકુમાર અને તેઓની ટુકડી દ્વારા જમ્મુ કાશ્મીરના કુપવાડા ખાતે સતત ૧૨ દિવસ ચાલેલા સૈન્ય ઓપરેશન મુઠભેડમાં આતંકવાદીઓનો સફાયો કર્યો હતો

કમલમ્ ન્યુઝગોધરા

પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૮૦સૈનિકોને વીરતા પુરસ્કારોની જાહેરાત કરી હતી. રાષ્ટ્રપતિ ભવન તરફથી જે ૮૦ સૈનિકોને વીરતાપુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી હતી, તેમાંથી ૬ વીર જવાનોને કીર્તિ ચક્ર તથા ૧૬ બહાદુર જવાનોને શૌર્ય ચક્ર આપવામાં આવ્યા છે. ૫૩ જવાનોને સેના મેડલ એનાયત કરવામાં આવ્યોછે. એક સૈનિકને નેવી મેડલ અને ૪ એરફોર્સ મેડલ એનાયતકરવામાં આવ્યાછે. વાત કરીએ શૌર્ય ચક્રની તોઆ પુરસ્કાર ભારત સરકાર દ્વારા એનાયત કરવામાં આવતો યુદ્ધના સમય માટેનો એક ઉચ્ચ વીરતા પુરસ્કાર છે. આ સન્માન સૈનિકો અને અસૈનિકો પૈકી ફરજ દરમિયાન બતાવેલી અસાધારણ વીરતા અથવા બહાદુરી, શૂરવીરતા અથવા બલિદાન માટે એનાયત કરવામાં આવે છે.આ પુરસ્કાર યુદ્ધના સમયે ભારતીય સેનાના સૈનિકોને ફરજ પર બતાવેલી અપ્રતિમ બહાદુરી અને વીરતા માટેઆપવામાંઆવતા ઊચ્ચ સન્માન કીર્તિ ચક્ર પુરસ્કાર પછીના સૌથી ઉચ્ચ દરજ્જાનો તથા મહત્વનોપુરસ્કાર ગણાયછે. ચાલુ વર્ષે શોર્ય ચક્ર મેળવનાર એક ગુજરાતીજવાન કેજેઓ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ખોજલવાસાના રહેવાસી છે અને હાલ ભારતીય સેનાની ૨૧ મહાર રેજીમેન્ટમાં નાયબ સુબેદાર તરીકે ફરજ બજાવેછે. આનાબય સુબેદાર બારીયા સંજયકુમાર ભમરસિંહ દ્વારા જમ્મુ કાશ્મીરના કુપવાડા સેકટર ખાતે સેનાની ગુપ્ત માહિતીના આધારે તેઓની ટુકડી દ્વારા આતંકવાદીઓની ગતિવિધિ રોકવા સતત ૧૨ દિવસ ચાલેલા સૈન્ય ઓપરેશનમાં આતંકવાદી સાથેની સીધી મુઠભેડમાં આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો.નાયબ સુબેદાર બારીયાસંજય કુમાર ભમરસિંહના આ અદમ્ય સાહસ અને શૌર્યના કારણે તા. ૨૬/૦૧/૨૦૨૪ના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે તેઓને શૌર્ય ચક્રથી સમ્માનિત કરવામાં આવ્યા છે. દેશ અને પંચમહાલ જિલ્લાના ગૌરવ સમાન ભારતીય સેનામાં ફરજ બજાવતા નાયબ સુબેદાર સંજય કુમાર બારીયાને પંચમહાલ જિલ્લા કલેકટરશ્રી તથા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રી આશિષકુમારે તેમને રુબરુ મળીને અદમ્ય સાહસ અને ગૌરવ બદલ દેશનું અને જિલ્લાનું ગૌરવ વધારવા બદલ જિલ્લા વહીવટી તંત્ર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

હિંમતનગરમાં ભાજપ દ્વારા લાભાર્થી સંપર્ક અભિયાન અંતર્ગત જિલ્લાની કાર્યશાળા યોજાઈ

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના હોદ્દેદારો ઉપસ્થિતિ રહ્યા

કમલમ્ ન્યુઝઈક્બાલ મેમણ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકારે લાભાર્થીઓનું જીવન ધોરણ ઊંચુંલાવવા માટે અનેક યોજનાઓ અમલ માંલાવ્યા, તેનાથી આપણો દેશ સમૃદ્ધ ભારત તરફ જઈ રહ્યો છે આજરોજ હિંમતનગર શહેરમાં સાબરકાંઠા લોકસભા સીટના હોદ્દેદારોની બેઠક યોજાઈ, જેનો મુખ્ય ઉદ્દેશ લાભાર્થી સંપર્ક અભિયાન અંતર્ગત જિલ્લાની કાર્યશાળા યોજાઈ, જેને માર્ગદર્શન આપતાપૂર્વ જિલ્લાસંગઠન પ્રભારી અને પ્રદેશમાંથી આવેલા રેખાબેન ચૌધરીએ જણાવેલ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈની નેમ છે બધાનો સ્વાંગી વિકાસ થાય તો ભારત સમૃદ્ધ થાય આપણે ૪૦૦ સીટોને પાર લઈનેનીકળ્યા છીએ, આકામ ભાજપના બ્રાન્ડેડકાર્યકર્તા જ કરી શકશે. એક કરોડ કાર્યકર્તા આજે સરલ એપ દ્વારા જોડાયા છે, રેખાબેન ચૌધરી જણાવેલ કે નરેન્દ્રભાઈ સત્તામાં આવ્યા પછી સૌથી મોટું કામ કર્યું કોઈપણ લાભાર્થીઓને રૂપિયો સીધો તેમને મળે વચેટિયા બંધ કર્યા તેના માટે જ જનધન ખાતા ખોલ્યા, બેંક અને ડીઝીટીલાઈજેશન કર્યું. અને આધારને દેશ સાથે જોડવાનું કાર્ય (એક આધાર - એક દેશ), તેમણે જણાવેલ કે દસ વર્ષમાં ૬૦ કરોડ લાભાર્થી નોંધાયા છે જેમાં ૨૩ કરોડ એક-બે યોજનાઓનો લાભ લીધો છે, ૧૨ કરોડ લાભાર્થીઓને કેન્દ્ર દ્વારા સીધો સંપર્ક કર્યા જેને લાભ મળ્યો, ૬ કરોડઆપણી પાસે લાભાર્થીનો સંપર્ક કરવા માટે ડેટામેપ થઈ ગયો છે, ગુજરાતમાં ૫૬ લાખ લાભાર્થી છે, આપણે લાભાર્થીઓનો સંપર્ક કરવાનો છે, લાભાર્થી જોડે શું વાતકરવી, તેમના અનુભવ, લાભ મળવાથી શું ફાયદો, વગેરે તેમજ લાભાર્થીને સરલએપમાં જોડવાનાછે, સાહિત્ય આપવું, આઈટી કાર્યકર્તા સાથે રાખવા વગેરે માર્ગદર્શન આપેલ. રેખાબેન એ વધુમાં જણાવેલ કે આપણે ચૂંટણી ઢંઢેરામાં જે કહ્યું તે કર્યું આને મોદી સાહેબની ગેરંટી કહેવાય, લોકસભા સીટના પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા એ જણાવેલ કે ત્રણ દિવસમાં લાભાર્થીને મળીને કામ પૂરું કરવાનું છે એક કાર્યકર્તા વધુમાં વધુ ૫૦ લાભાર્થીનો સંપર્ક કરશે. લાભાર્થીને ત્યાં સ્ટીકર લગાવવું, સાહિત્ય વિતરણ કરવું, પત્ર આપવોવગેરે કામકરવાનું છે. મંડલ સ્તરે લાભાર્થી સંપર્ક અભિયાનની કાર્યશાળા કેવી રીતે કરવી તે વિશે વિસ્તૃત માર્ગદર્શન આપેલ. લોકસભાસીટના સંયોજક જે. ડી. પટેલે જણાવેલ કે તમામ કાર્યક્રમો, બુથ - શક્તિ કેન્દ્ર સુધી થાય અને ઓછા સમયમાં થાય તેની આ ટીમ છે. કાર્યકર્તાએ બુથ અને શક્તિકેન્દ્ર માંશું કરવું તે વિશે વાત કરી હતી, લાભાર્થી સંપર્ક અભિયાનમાં કોણ જશે? કોની જવાબદારી હશે તે વિશે વાત કરી હતી, સરલ એપમાં જોડી શકે તેવા યુવા-યુવતીઓને પણ જોડે રાખવા તે વિશે વાત કરી હતી. જિલ્લા સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેનાએ આગામી કાર્યક્રમો વિશે વાત કરી હતી. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ કનુભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશલ્યાકુંવરબા પરમાર, અરવલ્લી પ્રમુખરાજુભાઈ પટેલ, અરવલ્લી સંગઠન પ્રભારી રાજુભાઈ શુક્લ, લોકસભા વિસ્તારક નરેન્દ્રસિંહ સોઢા, જિલ્લા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર, જગદીશ ભાવસાર તથા બંને જિલ્લાના અપેક્ષિતહોદ્દેદારો હાજર રહેલ.

સા. કાં. લોકસભા સીટના પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા તલોદ તાલુકામાં "ગામ ચલો અભિયાન"માં જોડાયા

કમલમ્ ન્યુઝઈક્બાલ મેમણ

સાબરકાંઠાજિલ્લાના તલોદ તાલુકાના જોરાજીના મુવાડા અને સબરાજી ના મુવાડા ગામે ભાજપ ના "ગામ ચલો અભિયાન" અંતર્ગત સાબરકાંઠાલોકસભા સીટ ના. પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા ની ઉપસ્થિતિમાં તાલુકા પંચાયત ના પ્રમુખ દશરથસિંહ ઝાલા પ્રહલાદસિહ સહિતના ભાજપના કાર્યકરો આગેવાનો અને કાર્યકરો સાથે "ગામ ચલો અભિયાન" કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતુ. દુષ્યંતભાઈ પંડ્યા એ દ્વારા કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીદ્વારા છેવાડાના માનવીને બેઠો કરવા તેમજ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો આત્મનિર્ભર બની સ્વમાનભેર જીવીશકે તે માટે અનેક વિવિધ યોજનાઓઅમલી બનાવી છે.અને સમગ્ર ભારતમાં તેની અમલવારીપણ કરીલાખો લોકોને લાભાન્વિત કરી આત્મનિર્ભર બનાવ્યા છે.આરોગ્ય કૃષિ શિક્ષણ સહિતના મુદ્દે ભારત દેશે જુદી જ દિશા તરફ વિકાસ કર્યો છે જેની વિશ્વભરમાં ગણના થ?ઈ રહી છે, ત્યારે આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ની તરફેણમાં મતદાન કરી કરાવી નરેન્દ્રભાઈ મોદી ના હાથ વધુ મજબૂતકરવા આહવાન કર્યું હતું. પ્રમુખ દશરથસિંહ ઝાલા એ ગુજરાત અને કેન્દ્ર ની સરકારની કલ્યાણકારી યોજનાઓની ઉંડી સમજ લોકોને આપી હતી. આ પ્રસંગે જોરાજીના મુવાડા નાજીન્દુસિહ, એડવોકેટ કાળુસિંહ, સરપંચ લાલસિંહ, સરપંચ ઉદેસિંહ સહિતના ભાજપના આગેવાનો આ પ્રસંગે "ગામ ચલો અભિયાન" કાર્યક્રમને સફળબનાવ્યો હતો.

'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ની આ સંકલ્પ યાત્રામાં અન્ન,નાગરિક પુરવઠા વિભાગની ગરીબ-જરૂરિયાતમંદને સહાયરૂપ થતી અનાજ વિતરણ સહિતની વિવિધ યોજનાઓ મહત્વની ભૂમિકા ભજવશે : અન્ન,નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાની બાબતોના વિભાગની કુલ રૂા.૨,૭૧૧ કરોડની માતબર રકમની માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર

- NFSA હેઠળ અનાજ વિતરણ બાબતેરાજ્યની કુલ ૩૮૨.૮૪ લાખની વસ્તીને કાયદા હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયો
- 5-Gનાં સમયમાં જાહેર વિતરણ વ્યવસ્થા માટે QR કોડ આધારિત SMART Ration Card તૈયાર કરવાનીકાર્યવાહી પ્રગતિમાં
- પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર પુરો પાડવાનાં હેતુથીરાહતદરે અપાતા કુટુંબદીઠ પ્રતિ કાર્ડ ૧ કિલો ચણા વધારીને ૨ કિલો કરવાનો નિર્ણય
- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના જુદા જુદા તબક્કા હેઠળ સમાવિષ્ટ ૩૮.૬૦ લાખ લાભાર્થીઓને ઘરગથ્થુ વપરાશ માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસ સીલીન્ડર રીફીલીંગની જોગવાઇ

કમલમ્ ન્યુઝ

વસંતપંચમી અને સરસ્વતી પૂજનના પવિત્ર દિવસે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ અન્ન,નાગરિક પુરવઠાઅને ગ્રાહક સુરક્ષાની બાબતોના વિભાગની વર્ષ ૨૦૨૪-૨૫ની અંદાજપત્રીય માંગણીઓ રજૂ કરતાં વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે,'વિકસિત ગુજરાતથી વિકસિતભારત'ની આ સંકલ્પ યાત્રામાં અન્ન,નાગરિક પુરવઠા વિભાગની ગરીબ-જરૂરિયાતમંદને સહાયરૂપ થતી અનાજ વિતરણ સહિતની અનેકવિધ યોજનાઓ મહત્વની ભૂમિકા ભજવશે.નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વર્ષ ૨૦૨૪-૨૫નું સર્વ સમાવેશીય અને ૨૦૪૭ના વિકસિત ગુજરાત તરફ દોરી જનારું આ અમૃતકાળનું અમૃતસમાન, અંદાજપત્રરજૂ કર્યું છે. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાની બાબતોના વિભાગે, ગુજરાતની છેવાડાની પ્રજાનેકેન્દ્ર સ્થાનેરાખીને બજેટમાં પૂરતી જોગવાઈ કરીછે, ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫નાં બજેટમાં આ વિભાગ માટે કુલ રૂા. ૨,૭૧૧ કરોડની માતબર રકમની જોગવાઈ કરીછે તેમમંત્રીશ્રી કુંવરજીભાઈએ વિધાનસભા ગૃહમાંમાંગણીઓ રજૂ કરતાં જણાવ્યું હતું. મંત્રી શ્રી કુંવરજીભાઈએકહ્યું હતુંકે, આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગુજરાતને તેમના કાર્યકાળ દરમ્યાન "ભારતની સમૃદ્ધિ અર્થે ગુજરાતની સમૃદ્ધિ"નો માર્ગ કંડારવાની દુરંદેશી સાથે, મજબુત નિર્ણય લેવાઈ રહ્યા છે. ગુજરાત વર્ષ-૨૦૨૩માં G-20 નું સફળ આયોજન, વાયબ્રન્ટ ગુજરાતના ૨૦ વર્ષની ઉજવણી, સી.એમ.સ્વાગત કાર્યક્રમની ૨૦ વર્ષની ઉજવણી, મારી માટી-મારો દેશ તેમજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા દ્વારાજન-જનની સુખાકારી, સુરત ડાયમંડ બુર્સનું ઉદ્ઘાટન જેવા, અનેકવિધ સીમાચિન્હરૂપી કાર્યક્રમોનું સાક્ષી બન્યું છે. આ ઉપરાંત ચાલુ વર્ષે સેમી કંડકટર, ગ્રીન હાઈડ્રોજન, બિન પરંપરાગત ઊર્જા, જળ સંચયથી પાણી મુદ્દે આત્મનિર્ભરતા જેવા, વિષયો સાથે 'ગેટ વે ટુ ધ ફ્યુચર'ની થીમ સાથે, અમૃત કાળની પહેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની સફળતાના પણ આપણે સૌ સાક્ષી બન્યા છીએ. વડાપ્રધાનશ્રીએ આપણને સૌને અમૃત મંત્ર આપ્યો કે "તમારા સપના એ જ મારો સંકલ્પ,જેટલા તમારા સપના મોટા હશે, એટલો જ મારો સંકલ્પ મજબૂત હશે. મોદી સાહેબની આ ગેરંટી સાથે 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત અને વિકસિતગુજરાતથી વિકસિત ભારત'ની આ સંકલ્પ યાત્રામાં આ સર્વાંગી વિકાસલક્ષી અંદાજપત્ર અગત્યનો માઈલસ્ટોન સાબિત થશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રીશ્રી કુંવરજીભાઈએ કહ્યુંહતું કે, ગરવી ગુજરાતનું ગુણવંતુ વિકાસતંત્ર અને ગ્રીન અર્થતંત્ર જે ગ્લોબલ અને ગતિશીલ એટલે કે ૫-ટ રહે તેવી, નેમ સાથે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ કામ કરી રહી છે ત્યારે, હું ગર્વ સાથે કહી શકું કે, ગરીબો અને વંચિતોની સેવા કરવી એ અમારી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીદ્વારાખરા સમયે ગરીબો અને વંચિતોને સહાયરૂપ થવા માટે છેવાડાનો માનવી પણ ભૂખ્યો ન રહે, તેવા હેતુસર 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' દ્વારા રાજ્યના અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો મળી સરેરાશ૭૨ લાખ કુટુંબોની, સાડા ત્રણ કરોડ જેટલી જન સંખ્યાને છેલ્લા ચાર વર્ષમાં કુલ ૬૮ લાખ મેટ્રિક ટન જેટલુંઅનાજ વિનામૂલ્યે પૂરૂ પાડ્યુ છે.પ્રધાનમંત્રીશ્રી દ્વારા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"ને ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી વધુ પાંચ વર્ષ માટે લંબાવવામાં આવી છે. જે રાષ્ટ્રની ખાદ્યઅને પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, સરકારની લાંબાગાળાની પ્રતિબદ્ધતા અને ઉદ્દેશ્યને દર્શાવેછે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે,અન્ન, નાગરિકપુરવઠાઅને ગ્રાહકોની બાબતોના વિભાગનો મુખ્ય ધ્યેય રાજ્યમાંરાષ્ટ્રિય અન્ન સલામતી કાયદા (NFSA) હેઠળ, પાત્રતા ધરાવતાં કુટુંબોની અન્ન સલામતી અને પોષણ સલામતી માટે, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાહત દરે અનાજ અને અન્ય આવશ્યક ખાદ્યસામગ્રી પૂરી પાડી 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' સૂત્રને ચરિતાર્થ કરવાનોછે. અન્નસલામતીની સાથે સાથે, સામાન્ય લોકોને એલ.પી.જી., પેટ્રોલ અને ડીઝલ જેવી આવશ્યક ચીજ વસ્તુઓ સરળતાથી મળી શકે.ઉપરાંત આ રાજ્યનો દરેક ગ્રાહક જાગૃત્ત બને તે માટે ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે વિભાગનો ઉદ્દેશ્ય, જનજાગૃતિ અને શિક્ષણ, કાયદાઓ દ્વારા ગ્રાહક સુરક્ષા અને સલામતી વધારવાનો છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે અન્ન, નાગરિક પુરવઠા વિભાગની યોજનાઓ તથા આ વર્ષની નવી બાબતો અંગેજણાવ્યું હતુંકે, રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ હેઠળ અનાજ વિતરણ બાબતેરાજ્યની કુલ ૩૮૨.૮૪લાખની વસ્તીને કાયદા હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. રાજ્ય સરકાર દ્વારા આ કાયદા હેઠળ 'અગ્રતા ધરાવતા કુટુંબ' એટલે કે પ્રાયોરીટી હાઉસ હોલ્ડ-PHH તરીકે સમાવેશ કરવા માટે માસિક આવક મર્યાદા રૂ. ૧૦,૦૦૦/- થી વધારી રૂ. ૧૫,૦૦૦/- કરવાના રાજ્ય સરકારના નિર્ણય બાદ ડિસેમ્બર-૨૦૨૩ની સ્થિતિએ કુલ ૭૨ લાખ કુટુંબોની ૩.૫૪ કરોડ જન સંખ્યાને અન્ન સલામતી યોજનામાં અત્યાર સુધી આવરી લેવામાં આવ્યા છે.આ કાર્ય માટે શ્રમ અને રોજગાર વિભાગ પાસેથી ઈ-શ્રમકાર્ડ ધારકોનો ડેટા મેળવીને, આવા શ્રમિકોને રેશનકાર્ડ ઈશ્યુ કરવાની અને પાત્રતા અનુસાર NFSA હેઠળ સમાવવા ની કામગીરીનો પૂરવઠા વિભાગે આરંભ કર્યો છે.આમ, રાજ્યમાં પાત્રતા ધરાવતા તમામ પરિવારો માટેજાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજ વિતરણ કરવા માટે રૂ. ૬૭૫ કરોડની માતબર જોગવાઈ કરી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજના આ ૫-જીનાં સમયમાં જાહેર વિતરણ વ્યવસ્થા માટે QR કોડઆધારિત SMART Ration Cardતૈયાર કરવાનિભાગે કાર્યવાહી હાથ ધરી છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦થી રાજ્યના તમામ રેશનકાર્ડને ડિજિટલાઈઝડ કરવામાંઆવેલ છે, જેમાં રેશનકાર્ડ ધારકોને મેન્યુઅલના સ્થાને બારકોડ આધારિત રેશનકાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આગામી વર્ષે જાહેર વિતરણ વ્યવસ્થાનેવધુ સુદ્રઢ તથા નાગરિક કેન્દ્રીત બનાવવાના હેતુસર QR કોડ આધારિત SMART-Ration Card આપવામાટેની નવીબાબત અન્વયે રૂ.૫.૪૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખાદ્યતેલના વિતરણ માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વર્ષના બે તહેવારો, જન્માષ્ટમી અનેદિવાળી દરમ્યાન વાજબી ભાવના દુકાનદારો મારફતે તમામ ૭૨ લાખ NFSA લાભાર્થી કુટુંબોને કાર્ડ દીઠ ૧ લીટર સીંગતેલનો પાઉચનું રૂ.૧૦૦/પ્રતિ પાઉચના રાહત દરે વિતરણ કરવામાં આવે છે. આગામી વર્ષે ખાદ્યતેલ વિતરણ માટે રૂ.૧૬૦ કરોડની જોગવાઈ કરી છે.ડબલ ફોર્ટીફાઈડ મીઠાના વિતરણ માટે રાજ્યના તમામ ૭૨ લાખ NFSA કુટુંબોનેદર માસેકાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. પ્રમાણે રૂ. ૧/- પ્રતિ કિ.ગ્રા.ના રાહતદરે સૂક્ષ્મ પોષકતત્વો (આયર્ન અને આયોડીન) યુક્ત ડબલ ફોર્ટીફાઈડ મીઠાના વિતરણ માટે રૂ.૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા ગૃહમાં કહ્યુંહતું કે, ખાંડના વિતરણ માટેજાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્યના૮ લાખજેટલા અંત્યોદય લાભાર્થી કુટુંબોમાં રાહત દરે રૂ. ૧૫ પ્રતિ કિલોના રાહત ભાવથી વિતરણ કરવામાંઆવે છે તદુપરાંત રાજ્યના ૨૩ લાખ જેટલા બી.પી.એલ. લાભાર્થી કુટુંબોને પ્રતિ વ્યક્તિ ૩૫૦ગ્રામ લેખે ખાંડનું દર માસે રૂ. ૨૨ પ્રતિ કિલોના રાહત ભાવથીવિતરણ કરવામાંઆવે છે. આ ઉપરાંત, વર્ષમાં આવતા જન્માષ્ટમી અને દિવાળીના તહેવારો દરમિયાન પ્રતિકાર્ડ દીઠ ૧ કિલો ખાંડનું રાહત ભાવથી વિતરણ કરવામાં આવે છે. આમ, અંદાજિત ૩૧ લાખઅંત્યોદય તથા બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોને વિતરણ કરવા આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માં ખાંડના વિતરણ કરવા માટે રૂ.૧૯૧ કરોડની જોગવાઈ કરવામાંઆવી છે. તેમણે કહ્યું હતું કે, ચણાના વિતરણ માટે રાજ્યનાં ૭૨ લાખ NFSA રેશનકાર્ડ ધારકોને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર પુરો પાડવાનાં હેતુસર કુટુંબદીઠ ૧ કિલો ચણાનું રૂ. ૩૦/- રાહત દરે વિતરણ કરવામાં આવે છે જેને બમણું કરી પ્રતિ કાર્ડ ૨ કી. ગ્રામ ચણા નિર્ણય કરેલ છે જે માટે રાજ્ય સરકારે રૂ.૪૨૧ કરોડની માતબર જોગવાઈ કરી છે. તમામ NFSA રેશનકાર્ડ ધારકોને પ્રતિકાર્ડ ૧ કિ.ગ્રા. તુવેરદાળ રૂ.૫૦/- પ્રતિ કિ.ગ્રા ના રાહત ભાવથી માસિક ધોરણે વિતરણ માટે રૂ.૩૪૬ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવેલ છે. મંત્રીશ્રીએ ગૃહમાં કહ્યું હતું કે, રાજ્યમાં નાગરિકો સ્વચ્છ ઈંધણ તરફ પ્રેરાય તે હેતુથી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના જુદાજુદા તબક્કોહેઠળ સમાવિષ્ટ ૩૮.૬૦ લાખ લાભાર્થીઓને ઘરગથ્થુ વપરાશ માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસ સીલીન્ડર રીફીલીંગ કરી આપવા બાબતની યોજના હાલ અમલમાંછે જે માટે રૂ.૫૦૦ કરોડની માતબર જોગવાઈ કરી છે. તેમણે કહ્યુંહતું કે, શ્રી અન્ન એટલે કે મિલેટના વપરાશને પ્રોત્સાહન આપવાતેમજ આહારમાં તેનો સમાવેશ કરવા તથા જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા વિનામુલ્યે વિતરણ માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં લઘુત્તમ ટેકાના ભાવે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી બાજરી/જુવાર/રાગી-નાગલીની ખરીદી પર ખેડૂતોને રૂ.૩૦૦/- પ્રતિ ક્વિન્ટલ પ્રોત્સાહક બોનસ ચુકવવાનોનિર્ણય કરાયો છે જેનો રાજ્યના ખેડૂતો તરફથી ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ગત મે-જૂન-૨૦૨૩ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ૧૨૦૮૧ ખેડૂતો પાસેથી ૫૬.૬૪૫ મેટ્રિક ટન બાજરીની ખરીદી કરીને રૂ.૧૫૦ કરોડ ની ખેડૂતખાતેદારોના બેંક ખાતામાં [illegible] દ્વારા સીધી ચુકવણી કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ કહ્યુંહતું કે, રાજ્ય સરકાર દ્વારાકરેલ બાજરી વિતરણની નોંધ સમગ્ર દેશમાં લેવામાં આવી છે અને વપરાશ કરનાર લોકો તરફથી ખુબ સારો પ્રતિસાદ મળ્યોછે જેનેધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે અંદાજે રૂ.૩૭ કરોડનીજોગવાઈ કરાઈછે. તેમણે કહ્યું હતુંકે, અન્નનાગરિક પુરવઠા નિગમહસ્તકનાંગોડાઉન બાંધકામ /આધુનિકરણની કામગીરીઅંતર્ગત ગોડાઉનો અદ્યતન અને વૈજ્ઞાનિક ઢબે બનાવવામાટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતોને રાહ ના જોવી પડે તે માટેસંભવિત ખર્ચ રૂ.૬૦૦ કરોડ જેટલી રકમ માટે ગુજરાત સ્ટેટ ફાઈનાન્સીયલ સર્વિસીઝ લિ. (G.S.F.S.) પાસેથીજરૂરિયાત મુજબ ૫.૭૫% નાવ્યાજદરે લોન પેટેલીધેલ નાણાનાવ્યાજને પહોંચી વળવા, વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ.૧૭ કરોડની જોગવાઈ કરી છે. જાહેર વિતરણ વ્યવસ્થામાં ટેકનોલોજી દ્વારા આધુનિકીકરણ અને સુધારા માટેની (SMARTPDS) યોજના અંતર્ગત રાજ્ય સરકાર ટેકનોલોજીનો મહતમ ઉપયોગ કરીને જાહેર વિતરણ વ્યવસ્થાને વધુમાં વધુ પારદર્શક અને અસરકારક બનાવી છે. ભારત સરકાર દ્વારા કરવામાંઆવતાદરેક પ્રકારના સુધારામાં સાથે રહીને, જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ ડિજિટલાઈઝ કરવામાટે આગામી વર્ષમાટે રાજ્યસરકારના ફાળાપેટે રૂ.૫ કરોડની જોગવાઈ કરીછે તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ઓટોમેટીક ગ્રેઈન ડિસ્પેન્સિંગ મશીન –"અન્નપૂર્તિ" અંતર્ગત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના સમાવિષ્ટ સ્થળાંતરિત NFSA લાભાર્થીઓને તેઓને મળવાપાત્ર અન્ન પુરવઠો તેઓના ઈચ્છિતસમયે સરળતાથી ઉપલબ્ધ થાય, તેમાટે પાયલોટ પ્રોજેક્ટરૂપે રાજ્યના બેજિલ્લાના ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ઓટોમેટીક ગ્રેઈન ડિસ્પેન્સિંગ મશીન –"અન્નપૂર્તિ" એટલે કે અનાજના છ્ર્ કાર્યરત કરવા માટે રૂ.૪૨ લાખની જોગવાઈ કરવામાં આવીછે. અન્ન, નાગરિક પુરવઠા તંત્ર ઉપરાંત તોલમાપ તંત્રની સંપૂર્ણ કામગીરી ઓનલાઈન કરવા કાનુની માપ વિજ્ઞાન તંત્રનીસેવાઓ ઓનલાઈન માધ્યમથી મેળવી શકે તે હેતુથી E.O.D.B. (ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશ) અંતર્ગત કુલ ૧૦ એપ્લીકેશનો રાજ્ય સરકારની સિંગલ વિંડો સિસ્ટમ હેઠળ ઓનલાઈન કરવામાં આવી છે જે માટે રૂ. ૩.૫૦ કરોડની જોગવાઈ કરી છે. રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન હેઠળ ૧૫૦૦ થી વધુ કેસો હોય તેવા જિલ્લા કમિશનોખાતે વધુપાંચ એડિશનલ કમિશનની રચના કરવા અંદાજે રૂ.૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીભૂપેન્દ્રિભાઈ પટેલની આ સરકારે ટેકનોલોજીનોમહત્તમ ઉપયોગ કરી, રાજ્યના નાગરિકોની અન્ન સલામતી સુનિશ્ચિત કરવાનો નિશ્ચય કર્યો છે, ત્યારે રાજ્યનાં છેવાડાના માનવી સુધી અનાજની પારદર્શકતા, સરળતાઅને ઝડપથી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા, અમારો આ વિભાગ કટિબદ્ધ છે એટલું જ નહિપણ વિકસીત ગુજરાતની નેમ સાથે અમારી સરકારનો એક જ મહામંત્ર છે. આજે અન્ન,નાગરિકપુરવઠા અને ગ્રાહક સુરક્ષાની બાબતોના વિભાગની કુલ રૂા.૨,૭૧૧ કરોડની માતબર રકમની માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા પથિકાશ્રમ સર્કલ પાસે પ.બંગાળના સંદેશખાલી ઘટના સંદર્ભે મમતા બેનજી સામે વિરોધ પ્રદર્શન

સૂત્રોચ્ચાર, પૂતળા દહન અને પ્લે કાર્ડ દર્શાવી તૃણમૂલ કોંગ્રેસના બળાત્કારી અસામાજિક તત્વો સામે મુકદર્શક બનેલ મમતા બેનર્જીની સંવેદનાવિહીન સરકારનો વિરોધ કરાયો

કમલમ્ ન્યુઝ

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પશ્ચિમ બંગાળના સંદેશખાલી ઘટના સંદર્ભે તૃણમૂલ કોંગ્રેસના બળાત્કારી અસામાજિક તત્વોસામે મુકદર્શકબનેલ મમતાબેનર્જીઅને તેમની સંવેદનાવિહીન સરકારની ગાંધીનગર શહેર ભાજપ મહિલા મોરચાદ્વારા પ્રદેશ નેતૃત્વની સૂચના અનુસાર તા.૧૪ ફેબ્રુઆરીનારોજ પથિકાશ્રમ સર્કલ ખાતે સૂત્રોચ્ચાર, પૂતળા દહન અને પ્લે કાર્ડ દર્શાવી વિરોધ પ્રદર્શન યોજ્યું હતું જેમાં પ્રદેશ મહિલા મોરચા ઉપાધ્યક્ષ અરુણાબેન, શહેર મહિલા મોરચાની પદાધિકારી, મહિલા નગરસેવકો તેમજ કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહી હતી.

રાજ્યમાં નર્મદા નહેર બનાવવાની ૯૧.૭૬ ટકા કામગીરી પૂર્ણ, બાકીની કામગીરી વર્ષ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરાશે: મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ થયેલી નર્મદા યોજનાના પરિણામે રાજ્યના દુર્ગમ વિસ્તારોમાં પણ નર્મદાના નીર પહોંચ્યા

મુખ્ય નહેરનું કામ ૧૦૦ ટકા, શાખા નહેરનું ૯૯.૯૮ ટકા, વિશાખા નહેરનું ૯૬ ટકા, પ્રશાખા નહેરનું ૯૩ ટકા અને પ્રપ્રશાખા નહેરનું ૯૦ ટકા કામ પૂર્ણ

કમલમ્ ન્યુઝ

વિધાનસભા ગૃહ ખાતે સભ્ય શ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાંમંત્રીશ્રીઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાતમાં શરૂ થયેલી નર્મદા યોજનાના પરિણામે કચ્છ જેવા દુર્ગમ વિસ્તારોમાં પણ નર્મદાના નીર પહોંચ્યા છે. મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું કે, રાજ્યમાં નર્મદા યોજના હેઠળકુલ ૬૯,૪૯૭.૪૧ કિ.મીલંબાઈનીનહેરો બનાવવાનું આયોજન છે. જે પૈકી ૬૩,૭૭૩ કિ.મી લંબાઈનીનહેર બનાવવાનું કામ પૂર્ણ કરવામાં આવ્યુંછે. એટલે કે, નર્મદા નહેર બનાવવાની ૯૧.૭૬ ટકા કામગીરી પૂર્ણ થઈ છે, જ્યારે બાકીની કામગીરી વર્ષ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને રાજ્યના ખૂણે-ખૂણે પાણી પહોંચાડવામાં આવશે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા યોજનાઅંતર્ગત મુખ્ય નહેરનું કામ ૧૦૦ટકા પૂર્ણ થયું છે તેમજ શાખા નહેરનું કામ૯૯.૯૮ ટકાપૂર્ણ થયું છે. આ ઉપરાંત વિશાખા નહેરનુ ૯૬ ટકા, પ્રશાખાનહેરનું૯૩ ટકા અને પ્રપ્રશાખા નહેરનુ ૯૦ ટકા કામ પૂર્ણ કરવામાં આવ્યુ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ૫૭૨૪ કિ.મી નર્મદા નહેર બનાવવાનું કામ બાકી છે, તે પૈકી ૭૨૪ કિ.મી નહેરોનુ બાંધકામ ઔદ્યોગિકરણ જેવા વિવિધ કારણોસરકરવાનું રહેતુનથી. આ ઉપરાંત સુરેન્દ્રનગર, મોરબી, અમદાવાદ, ભાવનગર, બોટાદ, કચ્છ, મહેસાણા અને પાટણ જિલ્લામાં મળી કુલ ૫,૦૦૦ કિ.મીમાંનહેરનું બાંધકામ બાકી છે તેસત્વરે પૂર્ણ કરવામાં આવશે.લઘુ જળવિદ્યુત મથકોમાંકુલ ૮૫.૪૬ મેગાવોટના પ્રોજેક્ટ પૈકી તા. ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ ૬૩.૮૦ મેગાવોટના કામો પૂર્ણ થયા છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મતદાર જાગૃતિ કેળવવા રાજ્યના ચૂંટણી તંત્રના સંનિષ્ઠ પ્રયાસ: ૪૦ જેટલી LED વાન થકી મતદારોને અપાઈ રહ્યું છે ચૂંટણીલક્ષી શિક્ષણ

લોકસભા ચૂંટણી-૨૦૨૪ પૂર્વે રાજ્યના તમામ જિલ્લાઓમાં જાગૃતિ વાન દ્વારા ઈફસ્ના લાઈવ ડેમોન્સ્ટ્રેશનની સાથે સાથે મતદારોને કરાઈ રહ્યા છે મતદાન માટે પ્રેરિત

કમલમ્ ન્યુઝ

વિશ્વની સૌથી મોટી લોકશાહી દેશ ભારતની સક્ષમ લોકતાંત્રિક વ્યવસ્થાના મૂળમાં મતદાર રહેલો છે. મતાધિકારના ઉપયોગ થકી સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં સહભાગી બનતા મતદાર તેને મળેલા આ અધિકાર, ચૂંટણી વ્યવસ્થા અને મતદાનની પ્રક્રિયા અંગે જાગૃત હોય તે આવશ્યક છે. રાજ્યના મતદારોને ચૂંટણીલક્ષી શિક્ષણ મળે અને મતદાન અંગે જાગૃતિ કેળવાય તે માટે રાજ્યનાચૂંટણી તંત્રદ્વારા વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમો યોજવામાંઆવેછે. પરંતુઆજે વાત કરવી છે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીદ્વારા મતદાર જાગૃતિમાટે કરવામાંઆવી રહેલા એકસ્તુત્ય પ્રયાસની. મતદારો સુધી ચૂંટણીલક્ષી માહિતી પહોંચાડવા તથા મતદાન અંગે જાગૃતિ કેળવવા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા અખબાર, રેડિયો, ટી.વી. ચેનલ્સ, સોશિયલ મીડિયા જેવા વિવિધ સંચાર માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે. આ તમામ માધ્યમો ઉપરાંત લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ પૂર્વે મતદાર જાગૃતિ ઝૂંબેશના ભાગરૂપે ઈફસ્ના લાઈવ ડેમોન્સ્ટ્રેશન અને ઓડિયો-વિઝ્યુઅલની વ્યવસ્થાથી સજ્જ ૪૦ જેટલી ખાસ ન્ઈઢ વાન તૈયાર કરવામાં આવી હતી. આગામી લોકસભાની ચૂંટણીમાં રાજ્યમાં મહત્તમ મતદાન થાય તે માટે નાગરિકોમાં જાગૃતિ કેળવવા મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી દ્વારા ફ્લેગ ઓફ કરી ઈફસ્ના લાઈવ ડેમોન્સ્ટ્રેશન અને ઓડિયો-વિઝ્યુઅલની વ્યવસ્થાથી સજ્જ ન્ઈઢ વાનને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. રાજ્યભરમાં ૪૦ જેટલી જાગૃતિ વાન દ્વારા વિવિધ જિલ્લાના દૂધ મંડળી અને ગામના ચોરા જેવા ગ્રામ્ય વિસ્તાર તથા કૉલેજ, યુનિવર્સિટી કેમ્પસ, રૈંઢ્ઢ વિસ્તાર અને બગીચા જેવા શહેરી વિસ્તારોમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યા છે. રાજ્યના તમામ મતક્ષેત્રમાં નિશ્ચિત રૂટ પર આ ન્ઈઢ વાન સાથે ચૂંટણી તંત્રના કર્મચારીશ્રીઓ દ્વારા ચૂંટણીલક્ષી માહિતીમાટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ મોબાઈલ ઍપ્સ તથા ઈફસ્ અને ફફઁછ્ દ્વારા મતદાનની પ્રક્રિયાના લાઈવ ડૅમોન્સ્ટ્રેશન સહિતની બાબતોથી મતદારોને અવગત કરાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ચૂંટણીમાં દરેક મતનું મૂલ્ય સમજાવી મતદારોને પોતાના મતાધિકારના ઉપયોગ અંગે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને શહેરી મતદારો, મહિલા મતદારો અને યુવા મતદારોમાં મતદાનપ્રત્યે ઉદાસીનતા દૂર કરવા માટે તથા મતદાન જાગૃતિ માટે હાથ ધરવામાંઆવેલી આ મતદાર જાગૃતિ ઝૂંબેશમાં મતદારો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. અત્રે નોંધનીય છે કે ગત લોકસભા ચૂંટણીમાં ૫૦% થી ઓછું મતદાન ધરાવતા તથા જ્યાં પુરુષો અને મહિલાઓના મતદાનનો તફાવત ૧૦% થી વધુ હોય તેવા મતદાન મથકોમાંમહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે અને સમગ્રતયા રાજ્યમાં મતદાનની ટકાવારી વધે તે માટે મતદાન જાગૃતિના ઑડિયો/વિડિયો તથા હોર્ડિંગ્સનું નિદર્શન પણ આવી ન્ઈઢ વાન પર કરવામાં આવી રહ્યું છે.

આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે નોડલ અધિકારીશ્રીઓની બેઠકમાં માર્ગદર્શન આપતા કલેક્ટરશ્રી



કમલમ્ ન્યુઝ

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ને ધ્યાને લઈને ગાંધીનગર જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા નિમણૂક કરાયેલા વિવિધ નોડલ ઓફિસરોની એક બેઠક જિલ્લા ચૂંટણીઅધિકારીઅને જિલ્લા કલેક્ટરશ્રી એમ. કે. દવેના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રીએ ઉપસ્થિત નોડલ અધિકારીઓને સોંપવામાં આવેલી કામગીરી સંદર્ભે વિચાર વિમર્શ કર્યો હતો અને ચૂંટણીલક્ષી કામગીરી સંદર્ભે સતત અપડેટ રહીને વહેલી તકે આનુષાંગિક કામગીરી પૂર્ણ કરવા જણાવ્યું હતું. ખાસ કરીને ચૂંટણીલક્ષી કામગીરીસંદર્ભે પ્રથમ વખત નોડલઅધિકારી તરીકે કાર્ય કરી રહેલા અધિકારીઓને તેમની કામગીરી સંદર્ભેજરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગામી સમયમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાંપારદર્શિતાથી યોજાય તે માટે નોડલ અધિકારીઓને પરસ્પર સંકલન દ્વારા વધુ સારી કામગીરી કરવા જિલ્લા કલેક્ટરશ્રીએ અનુરોધ પણ કર્યો હતો. આ અવસરે જિલ્લા કલેક્ટરશ્રીએ વિવિધ અધિકારી, કર્મચારીઓને સમય મર્યાદામાં ચૂંટણી સંબંધિત તાલીમ આપવા, વિવિધ સમિતિઓની રચના કરવા સહિતની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ થાય તેની તકેદારી રાખવાઆગ્રહ પૂર્વકજણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ. કે. મોદી, નિવાસીઅધિક કલેકટર શ્રી દિગંત બ્રહ્મભટ્ટ, જુદા જુદા નોડલ ઓફિસર્સ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની વિવિધ લોકહિતકારી યોજનાઓનોલાભ દરેક લોકોને પહોંચાડવા માટે ચાલીરહેલ 'વિકસિત ભારત સંકલ્પયાત્રા' ના બીજા તબક્કા અંતર્ગત કરમસદ નગરપાલિકાના કરમસદ ખાતે કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, પુર્વસાંસદ શ્રી દિલીપભાઈ પટેલ, કરમસદ શહેર સંગઠન પ્રમુખ શ્રી સુનિતભાઈ પટેલ, પુર્વ નગરપાલિકાના પ્રમુખશ્રી નિલેશભાઈ પટેલ, નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત પુર્વ નગરપાલિકાના કાઉન્સિલરશ્રીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નારી સંવેદનાનું પ્રતીક, ઉજ્જવલા યોજનાએ મહિલા સશકિતકરણને બળ આપ્યું: પ્રો. રમાશંકર દુબે

કમલમ્ ન્યુઝગાંધીનગર

ભારતીય ફિલસૂફીમાં સ્ત્રીને સહનશીલતા અને કરુણાનું પ્રતીક માનવામાંઆવે છે. સ્ત્રીઓસૃષ્ટિની દાતા છે. વેદના શ્લોકોમાં પણ મહિલા સશક્તિકરણનું વર્ણન કરવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં સૌથી પહેલા એવું કહેવામાં આવ્યુંછે કે માતાનો જન્મ થવો જોઈએ. આ વાત સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (CUG) નાવાઈસચાન્સેલર પ્રો. રમાશંકર દુબે એ કહી. તેઓ બુધવારે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત અને કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સરિસર્ચના સંયુક્ત ઉપક્રમે આયોજિત એક દિવસીય વર્કશોપની અધ્યક્ષતા કરી રહ્યા હતા, જેનીથીમ હતી "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના દ્વારા મહિલા સશક્તિકરણઃ ગુજરાત અને રાજસ્થાનના પસંદગીના જિલ્લાઓનોઅભ્યાસ." તેમણે કહ્યું કે મે ૨૦૧૬થી આ યોજના બાદ મહિલા સશક્તિકરણને વેગ મળ્યો છે. વર્કશોપના મુખ્ય મહેમાન હરિસિંહ ગૌર યુનિવર્સિટી (MP) ના કુલપતિ હતા. તેમણે કહ્યું કે આ યોજના બાદ સમયની બચત સાથે મહિલાઓનું કામસરળ બન્યું છે. ઉજ્જવલા યોજના એ કોઈપણ આદર્શ કલ્યાણરાજ્યની સ્થાપના તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આવી યોજનાઓનો વધુને વધુ પ્રચાર થવો જોઈએ. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પધારેલા રાજસ્થાન સરકારના પોલીસ મહાનિરીક્ષક એ.કે. ગુપ્તાએ કહ્યું કે ઉજ્જવલા યોજના અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાની યોજના છે. તેમણે ઉજ્જવલાને ઉત્થાનની યોજના કહી. ઉજ્જવલા એ માત્ર એક યોજના નથી, એક વિઝન છે કાર્યક્રમના અતિથિવિશેષ સામાજિક ચિંતક અશ્વની શર્માએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી ઉજ્જવલ યોજનાની કલ્યાણકારી અસરો વર્તમાન સરકારની કામગીરીને પણ દર્શાવે છે. તેમણે કહ્યું કે ઉજ્જવલા માત્ર એક યોજના નથી પરંતુ એક વિઝન છે. વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવામાં આ એક મહત્વપૂર્ણ કડી છે. સંશોધન પ્રોજેક્ટના ડાયરેક્ટર પ્રો. સુરેશ કુમાર અગ્રવાલે ઉપસ્થિત તમામ મહેમાનોનું સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટમાં રાજસ્થાન અને ગુજરાતના ૮ આદિવાસી જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં રાજસ્થાનના ચાર જિલ્લાઉદયપુર, ડુંગરપુર, બાંસવારાઅને પ્રતાપગઢ અને ગુજરાતના ચાર જિલ્લા બનાસકાંઠા,અરવલ્લી, પંચમહાલ અને દાહોદનો સમાવેશ થાય છે. આ સમયગાળા દરમિયાન, મહિલા લાભાર્થીઓને પણ યોજના હેઠળ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સંશોધન પ્રોજેક્ટમાં કરાયેલા સર્વેઅંગે તૈયાર કરાયેલી પુસ્તિકાનું પણવિમોચન કરવામાંઆવ્યું હતું. આ દરમિયાન સહ-સંશોધક ડૉ. સત્યજીત દેશપાંડેએ પ્રોજેક્ટના સંશોધન પરિણામો દરેક સાથે શેર કર્યા. યુનિવર્સિટીના રજીસ્ટ્રાર પ્રો. એચ.બી.પટેલેતમામ અતિથિઓનો આભાર માન્યોહતો. ઉલ્લેખનીય છેકેઉદ્ઘાટનસત્રબાદચાર ટેકનિકલ સત્રોનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્ય વક્તા તરીકે પ્રો. મનીષ, પ્રો. તાપસકુમાર દલપતિ અને પ્રો. સરિતા અગ્રવાલ હાજર હતા. કાર્યક્રમમાં રિસર્ચ પ્રોજેક્ટ સાથેસંકળાયેલા સંશોધકો તેમજ યુનિવર્સિટીનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

વડોદરા જિલ્લા કક્ષાના ભરતી મેળામાં ૪૭ દિવ્યાંગોની થઇ પ્રાથમિક પસંદગી

કમલમ્ ન્યૂઝ

મદદનીશનિયામક (રોજગાર) કચેરી, વડોદરાઅને ઔદ્યોગિક સલામતીઅને સ્વાસ્થ્યની કચેરી, વડોદરા તેમજ જિલ્લા રોજગાર કચેરી, છોટાઉદેપુર તથા NCS-DA, વડોદરા, અમદાવાદનાસંયુક્ત ઉપક્રમે જનરલ ઉમેદવારો માટે તેમજ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા (ડીસેબીલીટી) ધરાવતા રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ભરતી મેળો યોજવામાં આવ્યો હતો. જેમાં માત્ર મૂક બધીર, શ્રવણહિનતા, ઓર્થો, લોકોમોટોર ડીસેબીલીટી તેમજ શારીરીક અને માનસિક રીતે સ્વતંત્ર, હલનચલન તેમજ મુસાફરી કરીશકે તેવાઅને હાથથીકામ કરીશકે તેવા ઉમેદવારોએઆ જિલ્લા કક્ષાનો રોજગાર અને એપ્રેન્ટીસભરતી મેળામાં ભાગ લીધો હતો. તેમાં વડોદરાના ૧૧ મેન્યુફેકચરીંગ અને સર્વીસ સેકટરની સંસ્થાએકમોમાં જગ્યા માટે એકસોથી વધુદિવ્યાંગ ઉમેદવારો માટે હાજર રહ્યાહતા. જ્યારે ૩૯ જેટલામેન્યુફેકચર અનેસર્વીસ સેકટરના નોકરીદાતા દ્વારા ૭૦૦થી વધારે વેકન્સી માટે ભરતી મેળામા ઉપસ્થિત રહ્યા હતા. જેમા ૧૦૮ જેટલા દિવ્યાંગ ઉમેદવારોએ ભાગ લીધો હતો જેમાંથી ૪૭ દિવ્યાંગ ઉમેદવારોની રોજગારી અને એપ્રેન્ટીસ તરીકે પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. જ્યારે અન્ય જનરલ ૧૦૪૫ ઉમેદવારો હાજર રહ્યા હતા. જેમાથી ૪૪૫ ઉમેદવારોની રોજગારી માટે અને ૬૯ એપ્રેન્ટીસ તરીકે પ્રાથમિક પસંદગી કરવામા આવી હતી. આ ભરતી મેળામાં મુખ્ય મહેમાન તરીકે છોટાઉદેપુર જિલ્લા કલેકટર શ્રી અનિલ ધામેલીયા તેમજ મકરપુરા જીઆઈડીસી એસોસીએશન પ્રમુખશ્રી જીવણભાઈ પટેલ તેમજ મદદનીશનિયામક રોજગાર કચેરીનાશ્રી મુકેશ વસાવા તેમજ આઈટીઆઈ પ્રીન્સીપાલશ્રી એ. આર. શાસ્ત્રી તેમજ સર્ટીફાઈગસર્જનશ્રી ધર્મેન્દ્ર ખાંટ અને રોજગાર અધિકારી અલ્પેશ ચૌહાણ તેમજ અન્ય લોન સહાય અને તાલીમ સંસ્થાના અધિકારી કર્મચારી ઉપસાથીત રહીને દિવ્યાંગ ઉમેદવારોને સ્વરોજગાર, ઉદ્યોગ સાહસિક્તા અંગેતેમજ રોજગારલક્ષી વોકેશનલ કોર્સ, દિવ્યાંગજન માટેનીલોન સહાય યોજનાઅંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રોજગારલક્ષી અનુબંધમ પોર્ટલ પર નામનોંધણી કરવામા આવી હતી.

નવસારીની સર જે.જે.પ્રાયમરી શાળાનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

શાળાના આચાર્ય શ્રીમતી પઉરૂચિસ્તી કડોદવાલાને શાળામાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા બદલ લૉંગ સર્વિસ એવોર્ડ, ગોલ્ડ મેડલ આપી સન્માનિત કરાયા.

વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝનવસારી

નવસારીની સર જે.જે.પ્રાયમરી શાળાનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ જુનાથાણા સ્થિત શેઠ આર.જે.જે.હાઈસ્કૂલના જોખી હોલમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના પ્રમુખ ચેરમેન ઓફ એજયુકેશન કમિટિના ડૉ. જહાંગીર મિસ્ત્રી, જે.જે.પીબી ઈન્સ્ટીટટ્યુશન તથા અતિથિવિશેષ ડૉ.ઝુબીન કેકી, અને અભિનેતા હર્ષિલ આશુતોષ દેસાઈ, સંસ્થાના લોકલ કમિટી ચેરમેન નેવિલ દુત્યા, લોકલ કમિટિ મેમ્બર્સ યોગેશભાઈ નાયક, ઉમાબેન ભટ્ટ, ભગીની સંસ્થા શેઠઆરજે.જે. હાઈસ્કૂલના આચાર્ય શ્રીઅમીષભાઈ, આચાર્ય શ્રીમતી દિપીકાબેન તથા સર જે. જે. હાઈસ્કુલના હાઈસ્કૂલના ઈંગ્લીશ મીડિયમસ્કૂલના આચાર્યા શ્રીમતી તનાઝ અને શિક્ષિકા પિંકીબેન, શિક્ષિકા બહેનો, શાળા પરિવાર, મહેમાનો ઉપસ્થિતરહયા હતાં.સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆત સમધુર પ્રાર્થનાથી શરૂ કરી હતી. શાળાના આચાર્યા શ્રીમતી કડોદવાલાએ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. દીપ પ્રાગટય બાદ કાર્યક્રમના પ્રમુખ ડો. જહાંગીર મિસ્ત્રી, ડો. સકલત, હર્ષિલ દેસાઇ, તેમજ ટ્રસ્ટી શ્રીમતી ઉમાબેને કાર્યક્રમઅન્વયે સુંદર પ્રવચન આપ્યું હતું. તેમજ શાળાના ત્રણ શિક્ષકો નાયક ખ્યાતિ, પારેખ પૂનમ, દીનાઝ બુહારીવાલા તેમજ કલાર્ક મનિષભાઈ પટેલ અને સેવિકાબેન દિપીકા પટેલને તેમના શાળામાં ૧૫ વર્ષ પૂર્ણ કરવા બદલ સિલ્વર મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. શાળાના આચાર્ય શ્રીમતી પઉરૂચિસ્તી કડોદવાલાને શાળામાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા બદલ લૉંગ સર્વિસ એવોર્ડ, ગોલ્ડ મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. શાળા પરિવારના સભ્યોએ પણ તેમને સાલ તેમજ પુષ્પ આપી સન્માનિત કર્યા હતાં. તેમજ કાર્યક્રમના પ્રમુખ ડો.જહાંગીર મસ્ત્રીને શાળાના આચાર્યા શ્રીમતી કડોદવાલા, દિપીકા બેન તેમજ તનાઝબેને સાલ પહેરાવી સન્માનિત કર્યા હતાં. શ્રીમતી કડોદવાલાએ પોતાનો [illegible] અને ચેરમેનદ્વારા લખેલ સન્માનપત્ર લેતાં, લાગણીશીલ થઈ ગયા હતાં. અને સૌપ્રથમ તેમની નિમણૂક કરનાર૭ માંબેરોનેટ સર તથા સ્વર્ગસ્થટ્રસ્ટી ડો.બરજોર ના ઋણનો સ્વીકાર કર્યો હતો. આ અવસરે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં નર્સરીથીલઈ ધોરણ-૫ ના બાળકોએ ખૂબ જ સુંદર ડાન્સ રજૂ કર્યો હતો. જેમાં પ્રેયર ડાન્સ, મસ્તી ડાન્સ, સેવટ્ટી, મેરે ઘર રામ આયે હૈ, ગુજરાતી ફોક મિકસ, પેટ્રોટીક ડાન્સ, સ્કૂલ થીમ ડાન્સ વગેરે જેવામનોરંજક ડાન્સરજૂ કરી સૌના મન મોહી લીધા હતા. શાળાના શિક્ષકો દ્વારાપણ ખૂબ જ સુંદર ગરબાની કૃતિ રજૂથઈ હતી. પ્રાર્થનાની તૈયારી આશ્લેષાબેન તેમજ નૃત્યની તૈયારીનેહાબેન પટેલે કરાવી હતી. ધોરણ-૫ ના વિધાર્થીઓએ સ્વયંસેવકની સેવા બજાવી હતી.આ કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકાઓ આરમતીકીકા અનેગૌરીબેન પટેલે કરીહતી પૂનમ પારેખે મહેમાનોનો આભાર વ્યક્ત કર્યોહતો. શાળાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ શાળા પરિવારના તમામ સભ્યો દ્વારાસમૂહ રાષ્ટ્રગાન કરી કાર્યક્રમ પૂર્ણ કર્યોહતો.

ચરોતર ગેસ આઇ ટી આઇ, બાકરોલ ખાતે વિશ્વકર્મા યોજના હેઠળ સીવણ વર્ગ નીઃશુલ્ક શરૂ કરવામાં આવ્યા

કમલમ્ન્યુઝબીના પટેલ

ભારત સરકાર નીપ્રધાનમંત્રીવિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજના અંતર્ગત તાજેતર માં ચરોતર ગેસ આઈ ટી આઈ, બાકરોલ - આણંદ દ્વારા પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ સીવણ ના નીઃશુલ્ક તાલીમ વર્ગોશરૂ કરવામાંઆવેલ છે. હાલ માંસરકારશ્રી ની માન્યતા મુજબકુલ ૪૦શિટો ભરવામાંઆવનાર છે અને ૨ (બે) બેચો શરૂ કરવામાં આવશે. આ પ્રસંગે સીવણ ના વર્ગના ક્લાસ નુંઉદઘાટન આણંદ ના લોક લાડીલા સાંસદ મિતેષ ભાઈ પટેલ (બકાભાઈ) માં દ્વારારીબીન કાપીને કરવામાંઆવ્યું હતું.

આપ્રસંગે મિતેષભાઈ પટેલે પ્રધાનમંત્રીનેતૃત્વ હેઠળ વિવિધયોજનાઓ નું અમલીકરણ કરવા માટે સૂચવ્યું હતું. જેમાંવિશ્વકર્માયોજના, સ્વનિધી યોજના, તેમજ અનેકોયોજનાઓ હેઠળ કૌશલ્ય ને બળ મળે તે હેતુથી ગુજરાત માં પ્રથમસોલાર ટેકનોલોજી માટે ટેકનીશિયન તૈયાર કરવા બદલ ચરોતર ગેસ આઈ ટીઆઈ નેઅભિનંદન પાઠવ્યાહતા. વધુમાં, ચરોતર ગેસઆઈ ટીઆઈ માંકોસ્મેટોલોજી ટ્રેડદ્વારા પોતાના પગપર ઊભારહી પોતાનોવ્યવસાય શરૂકરવા માટે બહેનોને સરકારશ્રી ની ઓછા વ્યાજ દર ની લોન ઉપલબ્ધ કરાવવા માટે માહિતીગાર કાર્ય હતા. વધુમાં તેમને ઉમેર્યું હતું કે કોઈપણ કામ હકારાત્મક અભિગમઅને આત્મવિશ્વાસકેળવી ને આગળ વધવા માટે તેમજ સફળ થવાની ચાવીઓ બતાવી હતી. આ પ્રસંગ ને યાદગાર બનાવવા માટે ચરોતર ગેસ ના ચેરમેન ધર્મેન્દ્ર ભાઈ પટેલે આણંદ સાંસદ મિતેષ ભાઈ પટેલ ને " રામાયણ " ગ્રંથ અર્પણ કર્યો હતો. તેમજ મિતેષ ભાઈ પટેલે " મોદી કી ગેરંટી" (મિતેષ ભાઈ પટેલલિખિત) પુસ્તક ચેરમેન ધર્મેન્દ્રભાઈ જે પટેલ ને અર્પણ કર્યુ હતું. આ પ્રસંગે ચરોતર ગેસ આઈ ટી આઈ માં અગાઉ ના વર્ષ માં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓ ને પધારેલ મહેમાનો નાવરદ હસ્તે સર્ટિફિકેટ વિતરણ કરવામાંઆવ્યું હતું.

આ ખાસ પ્રસંગે બી વી એમ કોલેજ ના પ્રિન્સીપાલ એચ આર પટેલ, શ્રીમતી મીનાક્ષી બેન પાઠક, કોકિલાબેનપટેલ,ભરતીબેન પટેલ, સરોજબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા

શિશુ-વિદ્યા ગુર્જરી શાળામા 'વસંત પંચમી' નો ઉત્સવ ઉજવવામા આવ્યો

વિદ્યાર્થીઓને સંગીત, નૃત્ય, કલા અને વિદ્યાની દેવી મા સરસ્વતીની ઉપાસનાનુ પર્વ 'વસંત પંચમી'નું મહત્વ સમજાવ્યું

કમલમ્ ન્યુઝતાપી

શ્રીઅરૂણા અનિલ વ્યારાપ્રદેશવિકાસપ્રતિષ્ઠાન સંચલિત શિશુ-વિદ્યાગુર્જરી શાળામાઆજરોજ મહાસુદ પાંચમે સંગીત, નૃત્ય, કલા અને વિદ્યાની દેવી મા સરસ્વતીની ઉપાસનાનુ પર્વ 'વસંત પંચમી' નો ઉત્સવ ઉજવવામા આવ્યોહતો. કહેવાય છે કે સરસ્વતી માતાના આશીર્વાદ પ્રાપ્ત કરવાથી અભ્યાસમા ઉન્નતિ મેળવી શકાય છે. આજથી શરૂ થતી વસંત ઋતુનિમિત્તે શાળાના વિદ્યાર્થીઓએ સરસ્વતી માતાની ઉપાસના દ્વારા કરી હતી. આળસ અને અજ્ઞાન દૂર કરવા માટે સરસ્વતી માતાનું પૂજન કરવામાઆવેછે. શિશુ-વિદ્યા ગુર્જરીનાબાળકોએ તથાગુરુજનોએ આજ-રોજ જ્ઞાનનો પીળો રંગ ધારણ કરી શાળાના વાતાવરણને ભક્તિમય અને જ્ઞાનમય બનાવી વસંત પંચમીની ઉજવણી કરી હતી.સૌ બાળકોને પીળો તિલક કરી ગુરુજનોદ્વારા આવકારવામાઆવ્યા હતો.આપ્રસંગે શાળાના શિક્ષિકાશ્રીમતિ અર્પિતાપંચાલ દ્વારા વસંત પંચમીનુમહત્વ સમજાવવામા આવ્યુ હતું.

રાજકોટ ખાતે એસેમ્બ્લી લેવલ માસ્ટર ટ્રેનર્સની બે દિવસીય તાલીમનો શુભારંભ

કમલમ્ ન્યુઝરાજકોટ

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ની પૂર્વતૈયારીના અનુસંધાને કલેકટર કચેરી ખાતે એસેમ્બ્લી લેવલ માસ્ટર ટ્રેનર્સની તાલીમ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા યોજવામાં આવી હતી. તાલીમનો પ્રારંભ કરાવતાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મૂછારે તાલીમાર્થીઓને જણાવ્યું હતું કે, સારી રીતે ચુંટણી સંપન્ન થાય, તેનો આધાર સારી તાલીમ પર રહેલો છે. તેમણે ચુંટણી પંચ દ્વારા અપાયેલ મેન્યુઅલમાંની પ્રક્રિયાઓ અને પદ્ધતિઓનો અભ્યાસ કરીને તે મુજબ જ કાર્ય કરવા પર ભાર મૂક્યો હતો અને તાલીમાર્થીઓને તાલીમ માટે શુભેચ્છા પાઠવી હતી. આ બે દિવસીય તાલીમમાં તા.૧૪ અને ૧૫ ફેબ્રુઆરી દરમ્યાન માસ્ટર ટ્રેનર્સ દ્વારા ચુંટણીના દિવસે તૈયાર કરવાની થતી વ્યવસ્થાઓ, પોલિંગ પાર્ટી, ઈ.વી.એમ.- વી.વી. પેટ અને મોક પોલ, પોસ્ટલ બેલેટ અને બુથ વ્યવસ્થાપન, વિવિધ ફોર્મ અને કવર, ડિસ્પેચ, વિવિધ કર્મચારીઓના કાર્યોની સ્પષ્ટતા વગેરે વિષયોને આવરી લઈને તાલીમાર્થીઓને સુપેરે માહિતગાર કરવામાં આવશે. આ તાલીમમાં સ્ટેટ લેવલ માસ્ટર ટ્રેનરશ્રી શ્રી જી.વી. મિયાણી તેમજ શ્રી રાહુલ ગમારા દ્વારા તાલીમ આપવામાં આવનાર છે. આ તાલીમમાં રાજકોટ જિલ્લામાં સમાવિષ્ટ ૬૮,૬૯,૭૦,૭૧,૭૨,૭૩,૭૪,૭૫ વિધાનસભા મતદાર વિભાગના વિભાગદીઠ ૨ એ.એલ.એમ. ટી.ને તાલીમ માટે સામેલ કરવામાં આવ્યા છે. આ તાલીમથી સુસજ્જ થયેલ એસેમ્બલી લેવલ માસ્ટર ટ્રેનર્સ (ALMTs) જિલ્લા કક્ષાએ ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ વિવિધઅધિકારી/કર્મચારીઓ જેવા કે સેક્ટર ઓફિસર, પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ પાર્ટી, માઇક્રો ઓબઝર્વર, ખર્ચ નિરીક્ષક ટીમ વગેરેને આગળના તબક્કે તાલીમ આપશે.

ખેડબ્રહ્મા તાલુકાતેમજ શહેર ના ભારતીય જનતા પક્ષના કાર્યકર્તાઓને અયોધ્યા મુકામે પ્રસ્થાન માટે લીલી ઝંડી આપી રવાના કર્યા

કમલમ્ ન્યુઝરૂપેશ રાવલ

ખેડબ્રહ્મા તાલુકા તેમજ શહેરના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અયોધ્યા રામલાના દર્શન કરવારવાના થયાઆ પ્રસંગે ભારતીય જનતા પક્ષ ખેડબ્રહ્મા તાલુકા પ્રમુખશ્રીસુરેશભાઈ ભગત અને સાબરકાંઠા જિલ્લા પંચાયત સદસ્ય શ્રી હિતેન્દ્રસિંહ બાપુ ઘણા વર્ષોનીતપસ્યા બાદ અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામનું મંદિર તૈયાર થતા રોજબરોજ કેટલાય ભાવિક ભક્તો દર્શન કરીરહેલ છેતે મુજબ આજરોજ ખેડબ્રહ્મા તાલુકાના ચાલીસ ઉપર કાર્યકર્તાઓ ભારતીય જનતા પક્ષ ખેડબ્રહ્મા તાલુકાના ઉપપ્રમુખશ્રી અનેરેલવે સલાહકાર સભ્ય શ્રીમોહનભાઈ પીપટેલ ના તેમજ શહેરમાં મહામંત્રી પ્રશાંત પટેલતેમજ સંયોજક અરવિંદભાઈ ઠક્કર પૂર્વ પ્રમુખ નગરપાલિકા ની આગેવાની નીચેજય શ્રીરામ જય જય શ્રી રામના નારા સાથે ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડ થી આબુરોડ સુધી બસ દ્વારા અને ત્યાંથી રેલવે દ્વારા જવા માટેનું પ્રસ્થાન શ્રી સુરેશભાઈ ભગતઅને હિતેન્દ્રસિંહ બાપુ ઉપસ્થિત રહી તમામ કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કરેલ હતા જય શ્રી રામ વંદે માતરમ ભારત માતાકી જય નારા સાથે આસ્થા એકસપ્રેસ ટ્રેનમાં અયોધ્યા જવા માટે રવાના થયા હતા

ગાંધીનગરમાં હિન્દઆયન દિલ્હીથી પુણે સાયકલ અભિયાન ૨૦૨૪નું આયોજન કરાયું

કમલમ્ ન્યુઝ

૧૪મી ફેબ્રુઆરીના રોજ ગાંધીનગરમાં હિન્દઆયન દિલ્હીથી પુણે સાયકલ અભિયાન ૨૦૨૪નુ આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદના ઐતિહાસિકસરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતેથી એનડીઆરએફના નિરીક્ષક રણજીતસિંહ પટેલદ્વારા કાર્યક્રમને ફ્લેગ ઓફ કરવામાં આવ્યો હતો. આ સાયકલિંગ ઝુંબેશનો હેતુ ભારતના નાગરિકોમાં સાયકલિંગ દ્વારા સ્વસ્થ જીવન અને સારી માનસિક શક્તિને પ્રોત્સાહન આપવાનો છે. હિન્દઆયન દિલ્હીથી પુણેસાયકલ અભિયાનની બીજી આવૃત્તિ નેશનલ વોર મેમોરિયલ, નવી દિલ્હીથી શનિવારે, ૧૦ ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી અને છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિ, ૧૯ ફેબ્રુઆરીએ પુણેમાં સમાપ્ત થશે. આ વખતે થીમ છે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'. આ અભિયાનમાં કુલ ૬૨ સાયકલ સવારોએ ભાગ લીધો છે. નિરીક્ષક રણજીતસિંહ પટેલની આગેવાનીહેઠળ એનડીઆરએફના ૫૦ સાયકલ સવારોની ટીમ અને બીએસએફના ૧૨ સાયકલ સવારોની ટીમ પણ સામેલ છે. હાલમાં ભારતમાં લાંબા અંતરની સાયકલિંગરેસ નથી. તેથી, રાષ્ટ્રીય સાયકલિંગ ટીમ અને સશસ્ત્ર દળોના એડવેન્ચર સેલના મોટાભાગના સભ્યોએ લાંબા અંતરની સાયકલિંગ રેસમાં ભાગ લેવા માટે યુએસ, યુકે અને ફ્રાન્સનો પ્રવાસ કરવો પડે છે. 'આથી, સાયકલિંગની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા અને અમારી સાઈકલિંગ ટીમોને આઉટડોર પ્રેક્ટિસ કરવા માટે એક પ્લેટફોર્મ આપવા માટે, અમે 'હિન્દઅયાન સાયકલ એક્સપિડિશન એન્ડ રેસ'નું આયોજન કર્યું છે, જેઓ પાંચ ખંડોના ૫૫ દેશો દ્વારા વિશ્વની ઓવરલેન્ડની પરિક્રમા કરનાર પ્રથમભારતીય છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028